પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક

# પંચમહાલ સમાચાર

વર્ષ : ૨૬ ● અંક : ૧૧૭ ● કુલ પાના : ૪ ● તારીખ : ૦૭-૦૧-૨૦૨૩ શનિવાર ● કિંમત રૂ.૧.૫૦/-

આદ્યસ્થાપક : સ્વ.અજય કાંતિલાલ પંચાલ

EDITOR, PRINTER PUBLISHER & OWNER : KARAN AJAYKUMAR PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL (GUJARAT)

RNI NO:- 67073/97 | 9712880678 | panchmahalsamachar@gmail.com | panchmahalsamachar | panchmahalsamachar | www.panchmahalsamachar.com

પંચમહાલ સમાચારના વોટ્સએપ ગૃપમાં જોડાવવા માટે Hi લખી મેસેજ કરો. મો.૯૦૫૪૪ ૨૫૧૦૦

## ભાજપ અને આપના કોર્પોરેટરો વચ્ચે જોરદાર મારામારી, દિલ્હીમાં મેયરની ચૂંટણીમાં ખુરશીઓ ઉછળી, મારામારી થઈ



દિલ્હી મ્યુનિસિપલ કોર્પોરેશન (એમસીડી)ના મેયરની ચૂંટણી પહેલા જ ગૃહની અંદર ભાજપ અને આપના કાઉન્સિલરો વચ્ચે લડાઈ થઈ છે. સિવિક સેન્ટરમાં બંને પક્ષના આગેવાનો વચ્ચે ઉગ્ર બોલાચાલી થઈ હતી. આ ઘટના એમસીડીના કાઉન્સિલરોના શપથ ગ્રહણ દરમિયાન બની હતી. પહેલા તમામ કાઉન્સિલરોને શપથ ગ્રહણ કરવાના હતા ત્યારબાદ મેયર પદ માટે ચૂંટણી યોજાવાની હતી. સિવિક સેન્ટરના વીડિયોમાં ભાજપ અને આપના કોર્પોરેટરો ઝપાઝપી કરતા જોવા મળ્યા હતાં જેને કારણે આજે મેયર પદની ચુંટણી થઈ શકી ન હતી.

આપના ગૃહના નેતા મુકેશ ગોયલે નોમિનેટેડ કાઉન્સિલરો સમક્ષ શપથ લેવાનો મુદ્દો ઉઠાવ્યો હતો. મુકેશ ગોયલે કહ્યું કે ૨૫ વર્ષ સુધી આ ગૃહમાં અગાઉ ક્યારેય નોમિનેટેડ કાઉન્સિલરોની શપથવિધિ થઈ નથી. જો કે, આ દરમિયાન ભાજપના મેયર પદના ઉમેદવાર રેખા ગુપ્તા અને આપના ઉમેદવાર શેલી ઓબેરોય મૂક પ્રેક્ષક બનીને હંગામો જોતા રહ્યાં.દિલ્હી મ્યુનિસિપલ કોર્પોરેશનના નામાંકિત સભ્યોની પ્રથમ શપથવિધિ બાદ ગૃહમાં હોબાળો થયો છે. પ્રિસાઈડિંગ ઓફિસરના નિર્ણય સામે વાંધો ઉઠાવતા આમ આદમી પાર્ટીના સભ્યોએ સૂત્રોચ્ચાર શરૂ કર્યા હતા. દિલ્હી એમસીડી -મેયરની ચૂંટણીમાં ઝપાઝપી બાદ કાઉન્સિલરો વચ્ચે ઉગ્ર બોલાચાલી થઈ હતી, ત્યારબાદ બંને પક્ષો તરફથી ભારે સૂત્રોચ્ચાર થયા હતા.એમસીડીની પ્રથમ બેઠકમાં જ હોબાળો થયો હતો. આ બેઠકમાં દિલ્હીની સંકલિત મ્યુનિસિપલ કોર્પોરેશનના પ્રથમ મેયર અને ડેપ્યુટી મેયરની ચૂંટણી યોજાવાની હતી આજે સવારે કોર્પોરેશન હેડક્વાર્ટર સ્થિત સિવિક સેન્ટર ખાતે કાઉન્સિલરોને શપથ લેવાના હતા, પરંતુ હોબાળો થતાં ગૃહનું કામકાજ ખોરવાઈ ગયું હતું.કાઉન્સિલરોની શપથવિધિ સવારે ૧૧ વાગ્યે શરૂ થવાની હતી. પ્રિસાઈડિંગ ઓફિસરે સૌપ્રથમ નામાંકિત સભ્યોને શપથ લેવડાવ્યા હતા. આમ આદમી પાર્ટી ના સભ્યોએ વિરોધ કરવાનું શરૂ કર્યું. આપના વિરોધનો ભાજપના કોર્પોરેટરો દ્વારા વિરોધ કરવામાં આવ્યો હતો. બંને વચ્ચે બોલાચાલી અને મારામારી થઈ હતી. આપના કોર્પોરેટરો પ્રિસાઈડિંગ ઓફિસરની સીટ પર ચઢી ગયા હતા. આ દરમિયાન કેટલાક કાઉન્સિલરો ખુરસી ઉપાડીને અપશબ્દો બોલતા જોવા મળ્યા હતા. કેટલાક નીચે પડી ગયા. કેટલાકને ઈજા થઈ.

આ ચૂંટણીમાં આમ આદમી પાર્ટીએ શેલી ઓબેરોયને મેયર પદના ઉમેદવાર તરીકે નિયુક્ત કર્યા છે. આ સાથે જ આશુ ઠાકુરને પણ વિકલ્પ તરીકે મેદાનમાં ઉતારવામાં આવ્યા છે. બીજી તરફ ભાજપ તરફથી મેયર પદ માટે કાઉન્સિલર રેખા ગુપ્તાએ ઉમેદવારી નોંધાવી છે. એ જ રીતે, આમ આદમી પાર્ટીએ ડેપ્યુટી મેયર પદ માટે કાઉન્સિલર આલે મોહમ્મદ ઈકબાલને મેદાનમાં ઉતાર્યા છે. કાઉન્સિલર જલજ કુમારે પણ વિકલ્પ તરીકે નામાંકન કર્યું છે.

બીજી તરફ ભાજપે આ પદ માટે કમલ બગડીને મેદાનમાં ઉતાર્યા છે. એ જ ક્રમમાં, મોહિની, સારિકા ચૌધરી, મોહમ્મદ આમિલ મલિક અને રામિંદર કૌર સ્થાયી સમિતિના સભ્યો માટે આપ તરફથી મેદાનમાં છે, જ્યારે ભાજપે આ પદો માટે કમલજીત સેહરાવત અને પંકજ લુથરાને નામાંકિત કર્યા છે. સ્થાયી સમિતિના સભ્ય માટે અપક્ષ કાઉન્સિલર ગજેન્દ્રસિંહ દરાલ પણ મેદાનમાં છે.

આ ઘટના પર પ્રતિક્રિયા આપતા દિલ્હીના ડેપ્યુટી સીએમ મનીષ સિસોદિયાએ ટ્વીટ કર્યું કે, 'એમસીડીમાં પોતાના કુકર્મ છુપાવવા માટે બીજેપીના લોકો કેટલા નીચા જશે ! ચૂંટણી મોકૂફ રાખવામાં આવી , પ્રિસાઈડિંગ ઓફિસરની ગેરકાયદેસર નિમણૂક, નોમિનેટેડ કાઉન્સિલરોની ગેરકાયદે નિમણૂક અને હવે લોકો દ્વારા ચૂંટાયેલા કાઉન્સિલરોને શપથ લેવડાવવામાં આવતા નથી. જનતાના ચુકાદાને માન આપી શકતા નથી તો ચૂંટણી શા માટે?

આપ સાંસદ સંજય સિંહે કહ્યું કે, નામાંકીત સભ્યોની પહેલા શપથ નથી થતી, ભાજપ પરંપરા બદલી રહી છે. તેમના લોકો અમારા કાઉન્સિલરોને ગૃહની અંદર મારી રહ્યા છે. સંજયે સવાલ કરતાં કહ્યું કે દિલ્હીની જનતાએ ચૂંટણીમાં ભાજપના નેતાઓને હરાવ્યા તો શું હવે તેમના નેતાઓ અમારા લોકોના જીવ લેશે.

ભાજપ સાંસદ મનોજ તિવારીએ કહ્યું કે, અમારી પાર્ટી સત્તામાં છે અને MCDમાં અમારી ઓછા નંબર છે. આ સિવાય અમારી સાથે ગુંડાગીરી થઈ રહી છે. AAPએ ગૃહને ગુંડાગીરીનો અખાડો બનાવ્યો, કારણકે તેમને ડર છે કે મેયરની ચૂંટણીમાં તેમના કાઉન્સિલરો જ તેમનો સાથ નહીં આપે. દિલ્હી કોંગ્રેસ-અધ્યક્ષ અનિલ ચૌધરીએ કહ્યું હતુ કે દિલ્હીના લોકોએ આપને સમર્થન આપ્યું છે. જનતાનું સન્માન કરતા અમે લોકો મેયર, ડેપ્યુટી મેયર અને સ્થાયી સમિતિની ચૂંટણી નહીં લડીએ.આપને બહુમત મળ્યો તો કેજરીવાલ પોતાનો મેયર બનાવે અને દિલ્હીની જનતાની સેવા કરે.

કોંગ્રેસની ગેરહાજરીમાં ૧૩૩નો આંકડો જરૂરી છે. આપ પાસે ૧૩૪ કાઉન્સિલર છે. આ સિવાય રાજ્યસભાના ૩ સાંસદ અને ૧૩ ધારાસભ્ય છે. ભાજપ પાસે ૭ સાંસદો અને ૧ ધારાસભ્ય સહિત કુલ ૧૧૩ મત છે. ત્યાં કોંગ્રેસના ૯ અને અપક્ષના બે કાઉન્સિલર છે.

## ગુજરાતમાં પ્રધાનમંત્રી આવાસ યોજના અંતર્ગત ૧૦ લાખથી વધુ આવાસો નિર્માણ પામ્યા

અમદાવાદ,

અમદાવાદમાં ગાહેડ-ક્રેડાઈના ૧૭માં પ્રોપર્ટી શૉ નો પ્રારંભ મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે કરાવ્યો હતો. રાજ્યમાં બી.યુ પરમીશન સહિતના નીતિ-નિયમોનો વ્યાપક લાભ ડેવલોપર્સ-રિયલ એસ્ટેટ વ્યવસાયકારોને લેવા મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આહવાન કર્યું હતું.



મુખ્યમંત્રીએ આ ત્રિદિવસીય પ્રોપર્ટી શૉના આયોજનને અભિનંદન પાઠવતાં કહ્યું કે, વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ સૌને કિફાયતી આવાસ મળે તે માટે પ્રધાનમંત્રી આવાસ યોજના શરૂ કરાવી છે. સમગ્ર દેશમાં ૧ કરોડ ૩૨ લાખ જેટલા આવાસો તથા ગુજરાતમાં ૧૦ લાખથી વધુ આવાસો આ યોજનામાં નિર્માણ પામ્યા છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ઉમેર્યુ કે, વડાપ્રધાનએ વિકસાવેલી વિકાસની રાજનીતિને પરિણામે ગુજરાત દેશનું વિકાસ રોલ મોડેલ બન્યુ છે. એટલું જ નહિ, વિદેશી રોકાણકારોની પહેલી પસંદ પણ ગુજરાત છે. ગુજરાતની આ અવિરત વિકાસ યાત્રાને વધુ ઊંચાઈએ લઈ જવા સૌનો સાથ, સૌનો વિકાસ, સૌના વિશ્વાસના મંત્રથી આગળ ધપાવાવી નેમ પણ તેમણે દર્શાવી હતી.

મુખ્યમંત્રીએ બાંધકામ શ્રમિકોને કામકાજના સ્થળે જ રાહત દરે ભરપેટ ભોજન પુરૂં પાડતી શ્રમિક અન્નપૂર્ણા યોજનાનો લાભ મોટી બાંધકામ સાઈટના શ્રમિકો લઈ શકે છે તેની પણ વિગતો આ અવસરે આપી હતી. ક્રેડાઈ અમદાવાદ- ગાહેડના પ્રેસિડેન્ટ તેજસ જોશીએ સ્વાગત પ્રવચનમાં જણાવ્યું હતું કે, ક્રેડાઈ અમદાવાદ- ગાહેડ દ્વારા તારીખ ૬-૭ અને ૮ જાન્યુઆરીના સમય દરમ્યાન ગણેશ ગ્રાઉન્ડ થલતેજ અમદાવાદ ખાતે ૧૭માં ગાહેડ પ્રોપર્ટી શૉનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં શહેરના વિવિધ વિસ્તારોમાં આવેલા ૨૫૦ કરતા વધુ પ્રોજેક્ટ્સની માહિતી શહેરીજનોને એક જ જગ્યા પરથી મળી રહેશે.

આ સંસ્થાકીય આયોજનમાં ડેવલપર્સ, નાણાંકીય સંસ્થાઓ તથા એલાઈડ ઈન્ડસ્ટ્રીઝ સહિત કુલ ૬૫ સ્ટોલ્સ છે. નવું ઘર વસાવવા માટે શહેરીજનોને એક જ છત્ર નીચે બધા જ પ્રકારના સેગ્મેન્ટના પ્રોજેક્ટસની વિસ્તૃત માહિતી મળી રહે અને પ્રોપર્ટી ખરીદનારને તમામ સુવિધાઓ સહેલાઈથી પ્રાપ્ત થાય તેવું આયોજન કરવામાં આવ્યું છે.

## કેન્દ્ર સરકારે સુપ્રીમમાં કહ્યું હાઈકોર્ટ માટે ૪૪ જજોના નામને ૩ દિવસમાં મંજૂરી આપશે

નવીદિલ્હી,

કેન્દ્ર સરકારે સુપ્રીમ કોર્ટને કહ્યું કે હાઈકોર્ટમાં ન્યાયાધીશોની નિમણૂક માટે કોલેજિયમ દ્વારા મોકલવામાં આવેલી ભલામણો પર ઝડપથી પ્રક્રિયા કરવામાં આવશે.

૧૦૪ પડતર ભલામણોમાંથી ૪૪ શનિવાર સુધીમાં ક્લિયર થઈ જશે.આ અંગે કોર્ટે સંતોષ વ્યક્ત કર્યો હતો. તેમજ બાકીની ભલામણો અંગે વહેલી તકે નિર્ણય લેવા જણાવ્યું હતું. ગત સુનાવણીમાં સુપ્રીમ કોર્ટે કોલેજિયમ પર કાયદા મંત્રીના નિવેદનો પર નારાજગી વ્યક્ત કરી હતી. કોલેજિયમ પ્રણાલીના લઈને સરકાર અને કોર્ટ વચ્ચે વિવાદ થતો રહે છે.

મુખ્ય ન્યાયાધીશ અને સુપ્રીમ કોર્ટના ચાર સૌથી વરિષ્ઠ ન્યાયાધીશોનું જૂથ જે દેશની સર્વોચ્ચ અદાલતમાં ન્યાયાધીશોની નિમણૂક અંગે નિર્ણય લે છે અને તેમના નામની દરખાસ્ત કેન્દ્ર સરકારને મોકલે છે તેને કૉલેજિયમ કહેવામાં આવે છે. પરંતુ, કૉલેજિયમના ચાર સૌથી વરિષ્ઠ સૌથી નીચલા ન્યાયાધીશોમાંથી, જો કોઈ પણ ભારતના આગામી મુખ્ય ન્યાયાધીશ બનવાની સંભાવના નથી, તો છઠ્ઠા સભ્યમાં સુપ્રીમ કોર્ટના તે ન્યાયાધીશોનો પણ સમાવેશ થાય છે જેઓ ભવિષ્યમાં વર્તમાન સીજેઆઈના સ્થાને આવે તેવી શક્યતા છે.

હાઈકોર્ટના જજોની નિયુક્તિ દેશની દરેક હાઈકોર્ટમાં પણ કોલેજિયમ સિસ્ટમ છે. જેનું નેતૃત્વ સંબંધિત હાઈકોર્ટના મુખ્ય ન્યાયાધીશ કરે છે. તે હાઈકોર્ટના મુખ્ય ન્યાયાધીશ ઉપરાંત, હાઈકોર્ટ કોલેજિયમમાં બે વરિષ્ઠ-સૌથી વધુ ન્યાયાધીશોનો પણ સમાવેશ થાય છે. હાઈકોર્ટ કોલેજિયમ ન્યાયાધીશોની નિમણૂકના મામલામાં સુપ્રીમ કોર્ટને માત્ર તેની ભલામણો મોકલે છે અને સુપ્રીમ કોર્ટના બે વરિષ્ઠ ન્યાયાધીશો ઉપરાંત ભારતના મુખ્ય ન્યાયાધીશની આગેવાની હેઠળના કોલેજિયમ દ્વારા અંતિમ નિર્ણય લેવામાં આવે છે. આ કોલેજિયમ કેન્દ્ર સરકાર દ્વારા નિયુક્ત કરવામાં આવનાર જજોના નામ રાષ્ટ્રપતિને મોકલે છે. સુપ્રીમ કોર્ટના ત્રણ સૌથી વરિષ્ઠ ન્યાયાધીશોનું બનેલું એ જ કોલેજિયમ દેશભરમાં હાઈકોર્ટના ન્યાયાધીશોની બદલી અંગે પણ નિર્ણય લે છે.

જજોની નિયુક્તિ વિશે સંવિધાન શું કહે છે? બંધારણની કલમ ૧૨૪ એવી જોગવાઈ કરે છે કે રાષ્ટ્રપતિ ઉચ્ચ ન્યાયતંત્રમાં ન્યાયાધીશોની નિમણૂક ઉચ્ચ ન્યાયાલય અથવા સર્વોચ્ચ અદાલતના ન્યાયાધીશોની સલાહના આધારે (જેની પાસેથી તે જરૂરી સમજે) કરશે. CJI તેમની નિમણૂકની પ્રક્રિયા સિવાય દરેક નિમણૂકમાં સલાહ આપશે. આમ કોલેજિયમ સિસ્ટમ બંધારણીય વ્યવસ્થા નથી. પરંતુ, આ સિસ્ટમ ૨૪ વર્ષથી અમલમાં છે. હાઈકોર્ટના ન્યાયાધીશોની નિમણૂક માટેની વ્યવસ્થા બંધારણની કલમ ૨૦૧૭માં કરવામાં આવી છે. આ મુજબ, ઉચ્ચ ન્યાયાલયના ન્યાયાધીશોની નિમણૂક રાષ્ટ્રપતિ દ્વારા સીજેઆઈ અને રાજ્યના રાજ્યપાલ સાથે ચર્ચા કરીને કરવામાં આવશે. તે હાઈકોર્ટના ચીફ જસ્ટિસની પણ સલાહ લેવી જોઈએ.

## રાજ્યના મુખ્ય સચિવ પંકજ કુમારનો કાર્યકાળ ૩૧ જાન્યુઆરીએ પૂર્ણ થશે, ત્રણ નામો ચર્ચામાં

ગાંધીનગર,

ગુજરાતના મુખ્ય સચિવ પંકજ કુમારનો કાર્યકાળ આગામી ૩૧મી જાન્યુઆરીએ પૂર્ણ થવાનો છે. ત્યારે નવા મુખ્ય સચિવ કોણ હશે તેની ચર્ચાઓ શરૂ થઈ ગઈ છે. ૨૫ જાન્યુઆરી બાદ જ નવા મુખ્ય સચિવનું નામ જાહેર થવાની શક્યતાઓ છે. તે ઉપરાંત સુત્રો એવું પણ જણાવી રહ્યાં છે કે, પંકજ કુમારને મુખ્ય સચિવ તરીકે ૬ મહિનાનું એકસટેન્શન પણ મળી શકે છે.

સુત્રોના જણાવ્યા પ્રમાણે ગુજરાતના મુખ્ય સચિવ તરીકે ત્રણ નામો હાલ ચર્ચામાં છે. જેમાં ખેતી પશુપાલન વિભાગના અધિક સચિવ મુકેશ પરી, ગૃહ વિભાગના અધિક સચિવ રાજકુમાર અને કેન્દ્ર સરકારમાં હાલ ડેપ્યુટેશન પર રહેલા એસ. અપર્ણાનું નામ ગુજરાતના મુખ્ય સચિવને રેસમાં લેવાઈ રહ્યાં છે. રાજકુમાર ૧૯૮૭ બેચના તો એસ.અપર્ણા અને મુકેશ પુરી ૧૯૮૮ બેચના IAS અધિકારી છે.

૨૭ ઓગસ્ટ ૨૦૨૧ના રોજ રાજ્ય સરકારે ૧૯૮૬ની બેચના આઈએએસ ઓફિસર પંકજ કુમારની ગુજરાતના નવા ચીફ સેક્રેટરી નિમણુંક કરી હતી. તેમણે અનિલ મુકીમની જગ્યાએ ચીફ સેક્રેટરી તરીકે ૩૧ ઓગસ્ટથી ચાર્જ સંભાળ્યો હતો. ૬ મે, ૧૯૬૨ના રોજ જન્મેલા પંકજ કુમારની ૨૫ ઓગસ્ટ, ૧૯૮૬ના રોજ આઈએએસ તરીકે વરણી થઈ હતી. તેમણે યુપીએસસીની પરીક્ષા પાસ કરવાની સાથે આઈઆઈટી કાનપુરમાંથી સિવિલ એન્જિનિયરિંગ વિષયમાં બીટેકની ડિગ્રી પણ મેળવેલી છે.

તેમણે પબ્લિક પોલિસી અને મેનેજમેન્ટ વિષય સાથે એમબીએનો પણ અભ્યાસ કરેલો છે.મૂળે પટણાના પંકજ કુમારની ગુજરાત સરકારે ૧૫ જુન, ૨૦૧૭ના રોજ એડિશનલ ચીફ સેક્રેટરી તરીકે નિમણૂંક કરી હતી.વિદાય લઈ રહેલા ચીફ સેક્રેટરી અનિલ મુકીમ બાદ તેઓ ગુજરાત બેચના આઈએએસ ઓફિસરોમાં સૌથી વરિષ્ઠ અધિકારી છે. ગુજરાત કેડરના બીજા વરિષ્ઠ અધિકારીઓ સ્વ.ગુરુપ્રસાદ મહાપાત્ર, વિપુલ મિત્રા અને રાજીવ કુમાર ગુપ્તા તેમના બેચમેટ હતા. તેમનો કાર્યકાળ ૩૧ જાન્યુઆરીએ પૂર્ણ થશે.

## ગુજરાતમાં જી ૨૦ દેશોના બેઠકો પરિષદોનું આયોજન, કેવીડિયા અને કચ્છના ઘોરડો ખાતે પણ બેઠક

ગાંધીનગર,

ભારત આ વર્ષે યોજનારા જી ૨૦ દેશોની અધ્યક્ષતા કરી રહ્યુ છે. જે અંતર્ગત દેશભરના શહેરોમાં તૈયારી કરવામાં આવી રહી છે.જી ૨૦ ની ૧૦ જેટલી પરિષદો ગુજરાતના પાટનગર ગાંધીનગરમાં યોજાશે જ્યારે બે અમદાવાદ ખાતે યોજાશે. આ સિવાય સુરત, ઘોરડો, કેવીડિયા ત્રણ જી ૨૦ ની મંત્રીઓ સ્તારની પરિષદો યાજાશે

ગુજરાતના પાટનગર ગાંધીનગરમાં ખાતે ૨૨ થી ૨૪ જાન્યુઆરી દરમિયાન પરીષદ યોજાશે. આ પરીષદમાં જી૨૦ દેશનો વેપારીક બાબતો ચર્ચાશે. શહેરી વિકાસ અને સંબધીત પ્રશ્નો અંગે બે મીટિંગનું આયોજન અમદાવાદમાં થશે. જેમા પ્રંરભિક મિટિગ ૯ થી ૧૦ ફેબ્રુઆરી દરમિયાન યોજાશે. અને એ પછી ૨૯ થઈ ૩૦ મે દરમિયાન અર્બન સમિટ યોજાશે. ટુરિઝમ વિષ પર કચ્છના ઘોરડો ખાતે ૯ થી ૧૦ ફેબ્રુઆરી દરમિયાન યોજાશે. એ જ તારીખમાં અમદાવાદ ખાતે વિકાસ પ્રશ્નો અંગે પ્રરંભિક મીટિગ થશે. બીજી બીઝનેશ મીટિંગ સુરત ખાતે ૧૩ થઈ ૧૪ માર્ચ દરમિયાન યોજાશે.

સ્ટેચ્યુ ઓફ યૂનિટી ખાતે કેવડીયા એકતાનગર ખાતે વ્યપાર મૂડરોકાણ સંદર્ભ ૧૯ થી ૨૧ જૂન દરમિયાન બેઠક યોજાશે. માર્ચ મહિનામાં ગાંધીનગરમાં પ્રયાવરણ ક્લાઈમેટ ચેન્જની બેઠક ૨૯-૨૮-૨૯ મર્ચ દરમિયાન ડિઝાસ્ટર મેનેજમેન્ટ સંબંધિત બેઠક ૩૦ માર્ચથી ૧ એપ્રિલ સુધી ઉર્જા અંગે બેઠકી ૨ થી ૪ એપ્રિલ દરમિયાન આર્થિક બાબતો અને જી ૨૦ દેશોની સેન્ટ્રલ બેંક સંબંધીત બેઠકો ૨૧ થી ૨૩ જુલાઈ દરમિયાન આરોગ્ય વર્કિંગ ગ્રુપની બેઠક ૨ થી ૩ ઓગસ્ટ દરમિયા તેમ જ છેલ્લે ઈન્ટરનેશનલ ફાઈનાન્સિયલ આર્કિટેકચર વર્કિંગ ગ્રુપની મીટીગ ૨૯-૩૦ દરમિયાન મળશે.

## રાજસ્થાનના અલવર, ભરતપુર, ધોલપુર, ઝુનઝુનુ અને કરોલી માટે ઓરેન્જ એલર્ટ, અનેક જળાશયો થીજી ગયા

જયપુર,

ઉત્તર ભારતમાં અસહ્ય ઠંડી અને ગાઢ ધુમ્મસને કારણે સામાન્ય જનજીવનને અસર થઇ રહી છે. આ દરમિયાન દિલ્હીમાં લઘુતમ તાપમાન ત્રણ ડિગ્રી સેલ્સિયસ નોંધવામાં આવ્યું છે. જે જાન્યુઆરીમાં નોંધવામાં આવેલું છેલ્લા બે વર્ષનું સૌથી ઓછું તાપમાન છે. જેના કારણે દિલ્હીનું તાપમાન હિલ સ્ટેશનોથી પણ ઓછું નોંધવામાં આવ્યું હતું.

પોલીસના જણાવ્યા અનુસાર ઈન્દોરમાં તીવ્ર ઠંડીને કારણે બેઘર ૫૦ વર્ષીય પુરુષનું મોત થયું છે. તે પેઈન્ટર તરીકે કામ કરતો હતો. દિલ્હીનું લઘુતમ તાપમાન શિમલા કરતા પણ ઓછું હતું. શિમલામાં લઘુતમ તાપમાન ૩.૭ ડિગ્રી સેલ્સિયસ નોંધવામાં આવ્યું હતું. જમ્મુ-કાશ્મીરના મોટા ભાગના વિસ્તારોમાં પણ ઠંડીનું પ્રમાણ સતત વધી રહ્યું છે. શ્રીનગરમાં રાતે લઘુતમ તાપમાન માઈનસ ૬.૪ ડિગ્રી સેલ્સિયસ નોંધવામાં આવ્યું હતું.એક દિવસ અગાઉ ત્યાં રાતે લઘુતમ તાપમાન માઈનસ ૫.૨ ડિગ્રી સેલ્સિયસ નોંધવામાં આવ્યું હતું.

હવામાન વિભાગે રાજસ્થાનના અલવર, ભરતપુર, ધોલપુર, ઝુનઝુનુ અને કરૌલી માટે ઓરેન્જ એલર્ટ જારી કરી છે. દિલ્હી માટે ઓરેન્જ એલર્ટ જારી કરવામાં આવી છે. અધિકારીઓના જણાવ્યા અનુસાર શ્રીનગરનું લઘુતમ તપામાન જાન્યુઆરી મહિનાનું છેલ્લા પાંચ વર્ષનું બીજું સૌથી ઓછું તાપમાન છે. ભારે ઠંડીને કારણે જમ્મુ-કાશ્મીરના અનેક જળાશયો થીજી ગયા છે. રાજસ્થાન હવામાન વિભાગના જણાવ્યા અનુસાર ફતેહપુર (સિકરપુર)માં માઈનસ ૧.૮ અને ચુરુમાં માઈનસ ૧.૫ ડિગ્રી સેલ્સિયસ નોંધવામાં આવ્યું હતું.

જયપુરમાં ૩.૮, અજમેરમાં ૩.૯, અલવરમાં ૧.૩, ચિત્તોડગઢમાં માઈનસ ૦.૧ ડિગ્રી સેલ્સિયસ તાપમાન નોંધવામાં આવ્યું હતું. પંજાબ અને હરિયાણામાં પણ લોકોને ઠંડીથી કોઈ રાહત નથી. પંજાબમાં ગુરદાસપુર ૨.૨ ડિગ્રી સેલ્સિયસ સાથે સૌથી ઠંડુ શહેર છે. હરિયાણાના હિસારમાં ૨.૨ ડિગ્રી સેલ્સિયસ તાપમાન નોંધવામાં આવ્યું છે.

## કેન્દ્રએ સહકારી બેંકો પ્રત્યે પોતાનું વલણ બદલવું પડશે : શરદ પવાર

પુણે,

રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટીના વડા શરદ પવારે કેન્દ્ર સરકારને સહકારી બેંકો પ્રત્યેનો પોતાનો અભિગમ બદલવા વિનંતી કરી છે. મહારાષ્ટ્રની સહકારી ચળવળને ચરમસીમાએ લઈ જનાર શરદ પવારે કહ્યું કે આ સંસ્થાઓ સામાન્ય લોકોની સેવા કરે છે. સહકારી બેંકોમાં મોટા પાયે છેતરપિંડી થાય છે તે ખોટી માન્યતા છે. પૂર્વ કેન્દ્રીય કૃષિ મંત્રી પવારે પુણેમાં આયોજિત એક કાર્યક્રમમાં આ વાત કહી. આ કાર્યક્રમ વિશ્વેશ્વર સહકારી બેંક લિ. ની સુવર્ણ જયંતિ ઉજવણીના સમાપન દિવસે તેનું આયોજન કરવામાં આવ્યું હતું પવારે કહ્યું કે ૯૦ ટકાથી વધુ છેતરપિંડી રાષ્ટ્રીયકૃત અને નોટિફાઈડ બેંકોમાં થાય છે, જ્યારે સહકારી બેંકોમાં તે ૦.૪૬ ટકા છે. પવારે કહ્યું, 'જ્યારે હું જોઉં છું કે સહકારી બેંક ક્ષેત્રને કેવી રીતે જોવામાં આવે છે ત્યારે મને ચિંતા થાય છે. કેન્દ્ર સરકારે રાષ્ટ્રીયકૃત બેંકોમાં જંગી રોકાણ કર્યું છે, જો પૈસા ન મૂકવામાં આવ્યા હોત તો આ બેંકોની હાલત બગડી ગઈ હોત. તેમણે કહ્યું કે આ એક ગેરસમજ છે કે સહકારી ક્ષેત્રની ગેરરીતિઓમાં સામેલ છે. સહકારી ક્ષેત્રમાં છેતરપિંડી થાય છે, પરંતુ જો તમે એકંદર ટકાવારી જોશો, તો તમને ખ્યાલ આવશે કે તે ખૂબ જ ઓછો છે. તે એક ટકા પણ નથી.

## સાત શ્રમિકોના મોત મામલે ગુજરાત હાઈકોર્ટનો આદેશ : PI સામે લો કડક પગલાં, કૉન્ટ્રેક્ટરની મદદ કરી હોવાનું જણાય છે

અમદાવાદ,

અમદાવાદ એસ્પાયર-૨ની નિર્માણધિન સાઈટ પર દુર્ઘટનાનો મામલે ગુજરાત હાઈકોર્ટે મોટો આદેશ કર્યો છે. નોંધનીય છે કે, તાજેતરમાં લિફ્ટનો શાફ્ટ તૂટવાથી ૭ શ્રમિકના મૃત્યુ થયા હતા. જેમાં કોન્ટ્રાક્ટરોની જામીન અરજીની સુનાવણી દરમિયાન હાઈકોર્ટે અવલોકન દરમ્યાન જણાવ્યું છે કે, ગુજ. યુનિ. પીઆઈ વી.જે.જાડેજા એ તપાસ પૂર્ણ કરવામાં ઉતાવળ કરી છે. આ સાથે વી.જે.જાડેજાએ બિલ્ડિંગના કોન્ટ્રાક્ટરોને મદદ કરી હોવાનું જણાય છે. જેથી તપાસને ગંભીરતાથી લેવાની જરૂર છે.

એસ્પાયર-૨ની લિફ્ટનો શાફ્ટ તૂટવાથી ૭ શ્રમિકના મૃત્યુ બાદ કોન્ટ્રાક્ટરોએ હાઈકોર્ટમાં જામીન અરજી મૂકી હતી. જ્યાં આજે હાઈકોર્ટે સુનાવણી દરમ્યાન એક મોટો આદેશ આપ્યો છે. હાઈકોર્ટે કહ્યું કે, ગૃહ સચિવ અને પોલીસ કમિશનર મામલો જૂએ અને પીઆઈ જાડેજા સામે જરૂરી પગલા લે. મહત્વનું છે કે, અગાઉ પીઆઈ જાડેજાએ આઈપીસી કલમ ૩૦૪ હટાવવા રિપોર્ટ કર્યો હતો. આ સાથે ૩૦૪ હટાવી આઈપીસી કલમ ૩૦૪છ લગાવવા રિપોર્ટ રજૂ કર્યો હતો. અહી મહત્વનું છે કે, રાજ્ય સરકારે પણ કોન્ટ્રાક્ટરોની જામીન અરજીનો વિરોધ કર્યો હતો.

અમદાવાદના ગુજરાત યુનિવર્સિટી વિસ્તારમાં નવી બિલ્ડીંગના બાંધકામ દરમ્યાન લિફ્ટ તૂટતાં સાઈટ પર કામ કરી રહેલા ૭ શ્રમિકોના મોત થતા ભારે હડકંપ મચી ગયો છે. એસ્પાયર-૨ નામની બિલ્ડિંગમાં બાંધકામ ચાલી રહ્યું હતું તે દરમ્યાન લિફ્ટ તૂટી હતી. જેમાં ઘોઘંબા વિસ્તારના રહેવાસી મજૂરો કામ કરતા હતા. એ દરમિયાન એકાએક લિફ્ટ તૂટી પડતા તેઓ ધડામ દઈને નીચે પટકાયા હતા. જોકે આ ઘટનાની જાણ થતા તુરંત ઘટનાસ્થળે પોલીસ ટીમ દોડતી થઈ ગઈ હતી. બાદમાં તમામના મૃતદેહોને સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા.

એસ્પાયર-૨ બિલ્ડિંગના માલિકોનો ભૂતકાળ ઘણો વિવાદાસ્પદ રહ્યો છે. શ્રમિકોની સલામતી માટે એડોર ગ્રુપ બેજવાબદાર રહ્યું છે. અગાઉ પણ એડોર ગ્રુપની સાઈટ પર દુર્ઘટના ઘટી ચૂકી છે. ૫ વર્ષ પહેલા શિવરંજની ચાર રસ્તા પરની સાઈટમાં આ રીતે એક દુર્ઘટના ઘટી હતી. જેમાં ત્રણ શ્રમિકોના મોત નિપજ્યા હતા. તમને જણાવી દઈએ કે, આ એડોર ગ્રુપમાં કુલ ૧૧ લોકોની ભાગીદારી છે. એસ્પાયર-૨નું બાંધકામ હાલ ભરત ઝવેરી નામના વ્યક્તિ પાસે છે.

## અલ કાયદાએ રામ મંદિર તોડી મસ્જિદ બનાવવાની આપી ધમકી

લખનૌ,

ઉત્તર પ્રદેશના અયોધ્યામાં બની રહેલા રામ મંદિર પણ આતંકવાદીઓના નિશાને છે. આતંકવાદીઓના મેગેઝિન ગઝવા-એ-હિંદમાં લેખ છાપવામાં આવ્યો છે, જેમાં આંતરરાષ્ટ્રીય જેહાદી જૂથે પ્રતિજ્ઞા લીધી છે કે, અલ કાયદા રામ મંદિરને તોડીને તેની જગ્યાએ મસ્જિદ બનાવશે. આ સિવાય જેહાદીઓએ વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને ઉત્તર પ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથ સામે ઝેર ઓક્યું છે. આ સાથે જ ભારતીય મુસ્લિમોને પણ જેહાદને સમર્થન આપવાની અપીલ કરી છે. રિપોર્ટ્સ મુજબ, ૧૧૦ પેજના લેખમાં કહેવામાં આવ્યું છે કે, 'બાબરી મસ્જિદના ઢાંચા પર જે રીતે રામ મંદિર બનાવવામાં આવી રહ્યું છે, તેને તોડી પાડવામાં આવશે અને



મૂર્તિઓની જગ્યાએ અલ્લાહના નામ પર બાબરી મસ્જિદ બનાવવામાં આવશે. આ કાર્ય માટે બલિદાન માંગે છે. એવું લાગે છે કે મેગેઝિન ભારતથી પરિચિત કોઈ વ્યક્તિએ લખી છે. અલ કાયદાએ ભારતીય મુસ્લિમોને કહ્યું કે, તમારે જેહાદના કારણે થનાર ભૌતિક નુકસાનથી ડરવું જોઈએ નહીં, કારણ કે તેઓ પહેલાથી જ જીવન અને સંપત્તિનું નુકસાન સહન કરી ચૂક્યા છીએ. જો આ જાન-માલનો ઉપયોગ જેહાદ માટે કરવામાં આવ્યો હોત તો આટલું નુકસાન ન થયું હોત. આતંકવાદી સંગઠને ભારતીય મુસ્લિમો માટે સેક્યુલર હોવુ નર્ક સમાન ગણાવ્યું છે અને ભારપૂર્વક જણાવ્યું છે કે હિન્દુ-મુસ્લિમ ભાઈચારાના સૂત્રો એક છેતરપિંડી છે. અલ કાયદાએ કહ્યું કે, આ ફક્ત વાતો નથી. બાબરી મસ્જિદ ૩૦ વર્ષ પહેલા ધ્વસ્થ કરવામાં આવી હતી. ૨૦ વર્ષ પહેલા ગુજરાતના અમદાવાદમાં સગર્ભા મહિલાઓ અને તેમના બાળકોનું માથું કાપીને સળગાવી દેવામાં આવ્યું હતું અને આજે દેશમાં દરેક જગ્યાએ બુલડોઝર ચાલી રહ્યા છે. જામિયા મિલિયા (ઈસ્લામિયા) અને અલીગઢથી લઈને જામિયા ઉસ્માનિયા (હૈદરાબાદ ઉપનગર) અને દેવબંદ (શહેર) સુધી દરેક જગ્યાએ હિંદુઓ છરી, ભાલા અને તલવારો હાથમાં લઈ રહ્યા છે. અલ કાયદાએ વધુમાં કહ્યું કે, તમામ હિંદુઓને લાકડીઓનો ઉપયોગ કરવાનું શીખવવામાં આવી રહ્યું છે. હિંદુ મહિલાઓથી સાંભળવા મળ્યું છે કે, શાકભાજી કાપવા માટે વપરાતી છરી વડે મુસ્લિમોના ચહેરા અને માથા કાપી નાખવાની વાત કરવામાં આવે છે. અલ કાયદા સમગ્ર ભારતને ઈસ્લામની દુનિયાનો ભાગ બનાવવા માગે છે, જેથી ભારતમાં મૂર્તિપૂજા બંધ થઈ જાય.

મહિસાગર આવૃત્તિ
લુણાવાડા, ખાનપુર, સંતરામપુર, બાલાસિનોર, વિરપુર, કડાણા
પંચમહાલ સમાચાર

# મહિસાગર જિલ્લાના વિવિધ વિભાગોની કામગીરી સમિક્ષા બેઠક જિલ્લા પ્રભારી સચિવના અધ્યક્ષ સ્થાને યોજાઇ




મહીસાગર, મહિસાગર જિલ્લાના વિવિધ વિભાગોની કામગીરી અંગેની સમિક્ષા બેઠક જિલ્લા પ્રભારી સચિવના અધ્યક્ષ સ્થાને અને જિલ્લા કલેક્ટર ભાવિન પંડ્યાની ઉપસ્થિતિમાં જિલ્લા સેવાસદન સભાખંડમાં જિલ્લાના વિવિધ વિભાગોના અમલીકરણ અધિકારીઓ સાથે યોજાઇ હતી.

આ બેઠકમાં સચિવ અશ્વિનીકુમારે જિલ્લાના અમલીકરણ અધિકારીઓના પ્રોગ્રેસિવ રીપોર્ટની ચકાસણી કરી આવનાર સમયમાં જિલ્લાના વિકાસ માટે શું આયોજન છે તેમજ કેવા કેવા પગલા લેવા તે અંગે તેઓએ જિલ્લાના અમલીકરણ અધિકારીઓ સાથે ચર્ચા વિચારણા કરી હતી.
સચિવએ સરકારની વિવિધ યોજનાઓ વિશે વાત કરતા તેનો જિલ્લામાં સારી રીતે અમલ કરી શકાય તે અંગે માર્ગદર્શન પુરું પાડ્યું હતું. વધુમાં તેઓએ કોરોનાની આવનારી કોઈ પણ પ્રકારની પરિસ્થિતીને પહોંચી વળવા જિલ્લા વહીવટી તંત્ર દ્વારા ઓક્સિજન, આઇ.સી.યુ બેડ, વગેરે અંગે કરેલી તૈયારીઓની સમીક્ષા કરતા જરુરી સુધારાઓ તથા સુચનો કર્યા હતા. પ્રભારી સચિવ જણાવ્યું હતુ કે, રાજય અને કેન્દ્ર સરકાર દ્વારા નાગરિકોની સુખાકારી માટે ચાલતી અનેક યોજનાઓનો લાભ છેવાડાના માનવીને મળી રહે તે જોવા તેમજ આ લાભો નિયમોનુસાર અને ત્વરીત આપવા જણાવ્યું હતું.

જિલ્લાના વિવિધ અધિકારીઓ દ્વારા પાવર પોઇન્ટ પ્રેઝન્ટેશન દ્વારા મહિસાગર જિલ્લા અંગેનો પ્રોગ્રેસીવ અહેવાલ રજૂ કરાયો. જેમા વિકાસશીલ તાલુકા જોગવાઈ અંતર્ગત બાકી કામગીરી,જિલ્લાના પ્રવાસન સ્થળના ચાલતા પ્રોજેકટ,પ્રધાનમંત્રી આવાસ યોજના, આઇસીડીએસ વિભાગ , આવાસ યોજના, મનરેગા, સ્વચ્છ ભારત મિશન યોજનાઓ વગેરે ક્ષેત્રે થયેલી કામગીરી વિસ્તૃત પુર્વક રજુ કરવામાં આવી.

આ બેઠકમાં પોલીસવડા આર.પી.બારોટ, આસિસ્ટન્ટ કલેક્ટર, પ્રાયોજના વહીવટદાર, ગ્રામ વિકાસ એજન્સીના નિયામક, આયોજન અધિકારી સહિત જિલ્લાના અમલીકરણ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# મહીસાગર જિલ્લા કક્ષાના વિજ્ઞાન-ગણિત, પર્યાવરણ પ્રદર્શનનું કલેકટરના હસ્તે ઉદ્ઘાટન


તસ્વીર : ધ્રુવ દરજી, લુણાવાડા

મહિસાગર, જીસીઈઆરટી ગાંધીનગર અને જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન સંતરામપુર દ્વારા આયોજિત મહીસાગર જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી, જિલ્લા શિક્ષણ સમિતિ અને શ્રી કે.એમ. દોશી હાઇસ્કૂલ બાકોરપાંડરવાડાના સંયુકત ઉપક્રમે જિલ્લા કલેકટર ભાવિન પંડયાના અદયક્ષસ્થાને બેદિવસીય જિલ્લા કક્ષાના વિજ્ઞાન-ગણિત અને પર્યાવરણ પ્રદર્શનને ખુલ્લુ મુકાયું.

ટેકનોલોજી અને રમકડાં વિષય પર આયોજિત આ ગણિત વિજ્ઞાન અને પર્યાવરણ પ્રદર્શનમાં વિવિધ પાંચ વિભાગમાં બાળ વૈજ્ઞાનિકોએ પ્રાથમિક વિભાગમાં ૩૦ અને માદયમિક વિભાગમાં ૨૫ મળી કુલ ૫૫ કૃતિ પ્રદર્શિત કરવામાં આવી છે. આ પ્રસંગે જિલ્લા કલેકટર ભાવિન પંડયા, બાકોર પાંડરવાડા કેળવણી મંડળ પ્રમુખ ડી.એમ.જોશી, ડાયટ પ્રાચાર્ય ડો. કે.ટી. પોરાણીયા, મોડાસા કોલેજ આચાર્ય ડો. બી.ડી. પટેલ, શાળાના આચાર્ય કલ્પેશ સેવક, ટ્રસ્ટીગણ સહિત મહાનુભાવોએ કૃતિ રજૂ કરનાર બાળ વૈજ્ઞાનિકોને પ્રોત્સાહિત કરી પ્રગતિમય ભવિષ્યની શુભકામનાઓ પાઠવી હતી. આ કાર્યક્રમમાં વિશિષ્ટ સિધ્ધિ મેળવનાર શ્રી કે.એમ.દોશી હાઇસ્કૂલ બાકોરપાંડરવાડાના વિદ્યાર્થીઓનું સન્માન કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમમાં શિક્ષણક્ષેત્રના વિવિધ સંઘ હોદ્દેદારઓ પ્રતિનિધિઓ, ડાયટ સંતરામપુરના અધિકારીગણ, બી.આર.સી.-સી.આર.સી. કૃતિ લઈ આવનાર બાલ વૈજ્ઞાનિકો તેમના માર્ગદર્શક શિક્ષકો, આચાર્યઓ, શિક્ષકઓ, બાળકો વાલીઓ આ પ્રદર્શનની મુલાકાત લેવા મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

# પ્રમુખસ્વામી મહારાજ શતાબ્દી મહોત્સવ

## બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજનો આરબ ભૂમિ પર મંદિર કરવાનો સંકલ્પ થઈ રહ્યો છે સાકાર



**બી.એ.પી.એસ. અખાતી દેશ દિન**

**- યુ એ.ઈની રાજધાની અબુધાબીમાં બી. એ. પી. એસ. સ્વામિનારાયણ સંસ્થા દ્વારા ભવ્ય બી. એ. પી. એસ. હિન્દુ મંદિરનું થઈ રહ્યું છે નિર્માણ.**
**- આ મંદિર ભારત અને યુ. એ. ઈ વચ્ચેના ગાઢ સંબધોનું પ્રતીક, યુ. એ. ઈ માં વસતા ૩૩ લાખ ભારતીયો ઉપરાંત અન્ય અનેક સંસ્કૃતિઓ અને સમુદાયો માટે પ્રેરણાનું પ્રતીક.**
**- ૨૦૧૯માં વિશ્વ પ્રસિદ્ધ શેખ ઝાયેદ મસ્જિદમાં મહંતસ્વામી મહારાજ અને સંતવૃંદની શેખ નહ્યાને કરાવી હતી પધરામણી.**
**- ૨૦૧૯ માં આરબ જગતની સર્વપ્રથમ વિશ્વ બંધુત્વ પરિષદમાં બી.એ.પી.એસ. સંસ્થાના પૂ. બ્રહ્મવિહારી સ્વામીએ કર્યું હતું ઉદઘાટન-પ્રવચન.**
**- બાહરીનના વડાપ્રધાન દ્વારા ફેબ્રુઆરી, ૨૦૨૨ માં બી.એ.પી.એસ. સ્વામિનારાયણ હિન્દુ મંદિરના નિર્માણ માટે ભૂમિની ફાળવણી.**
**- સાઉદી અરેબિયાની રાજધાની રિયાધ ખાતે મે, ૨૦૨૨ માં યોજાયેલ પ્રથમ ઐતિહાસિક આંતરધર્મ પરિષદમાં બી. એ. પી. એસ. નું પ્રતિનિધિત્વ.**

સદીઓથી ભારત અને અખાતી આરબ દેશો વચ્ચે સાંસ્કૃતિક સંબંધની એક નિરાળી ગંગા વહેતી રહી છે. ૧૯૯૭માં બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજ આરબ ભૂમિ પર પધાર્યા ત્યારે તેઓએ અહી વસતા હિન્દુઓની ધર્મભાવનાને પોષણ કરવા એક પવિત્ર સંકલ્પ કર્યો હતો કે આરબ ભૂમિ પર ભવ્ય સંસ્કૃતિધામ મંદિરનું નિર્માણ થાય.

બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજની આરબદેશોની વિચરણયાત્રા દરમિયાન બાહરીનના રાજા શેખ અમીર ઈસા બિન સલમાન અલ ખલીફા, શારજાહ ના રાજવી પરિવારના શ્રી શેખ હામદ, મસ્કત ના રાજવી શેખ સૈયદ સૈફ બિન હામદ બિન સાઉદ અલ બુસાયદી તેમજ દુબઈના આરબ ઉમરવો સાથેની તેમની સ્નેહસભર મુલાકાતો સૌનાં દિલોદિમાગ પર અનોખો દિવ્ય પ્રભાવ પાથરી ગઈ છે.

વર્તમાનકાળે પરમ પૂજ્ય મહંતસ્વામી મહારાજના સાંનિધ્યમાં એપ્રિલ, ૨૦૧૯માં અબુધાબીમાં બી.એ.પી.એસ. હિન્દુ મંદિરનો ભવ્ય શિલાન્યાસ વિધિ સંપન્ન થયો હતો. યુ.એ.ઇ.ની સરકારે પ્રારંભમાં આ મંદિરના નિર્માણ માટે અઢી એકર ભૂમિ ફાળવી હતી. શેખ અબ્દુલ્લા બિન ઝાએદ અલ નહ્યાને દિલ્હીના અક્ષરધામની મુલાકાત પણ લીધી હતી. ત્યારબાદ અબુધાબીના ક્રાઉન પ્રિન્સે ૨૭ એકર ભૂમિનું દાન કર્યું હતું.

વર્ષોથી બાહરીનના રાજવી પરિવાર અને બી.એ.પી.એસ. વચ્ચે ઘણી સદભાવના મુલાકાતો યોજાઇ હતી. અહી એક વિસ્તૃત હિન્દુ મંદિરની જરૂરિયાત છે તે અંગેની રજૂઆત બાદ, ભારત સરકાર અને બાહરીન સરકારના સંયુક્ત સહયોગથી બી. એ. પી. એસ મંદિર માટે ફેબ્રુઆરી ૨૦૨૨ માં મંદિર માટે જમીન પ્રાપ્ત થઈ છે.

**: આજનો સંધ્યા સભા કાર્યક્રમ :**

સાંજે ૫ વાગ્યે ધૂન-પ્રાર્થના સાથે સંધ્યા સભાનો પ્રારંભ થયો.

વિશિષ્ટ વિડીયો પ્રસ્તુતિઓ એક વિરલ કહાની અને સ્ટોરી ઓફ પ્રેયર ૧૯૯૭ ડેઝર્ટ દ્વારા અખાતી દેશોમાં બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજના વિચરણ, મંદિર સંકલ્પ અને નિર્માણની ગાથાને દર્શાવવામાં આવી.
શ્રી અશોકભાઈ કોટેચાએ અબુધાબીમાં નિર્માણાધીન મંદિરના ઈતિહાસ વિષયક વકતવ્ય આપ્યું.

બી. એ. પી. એસ. ના પૂ. પરમવંદન સ્વામીએ પ્રાર્થનાની શક્તિ વિષયક પ્રવચન કર્યું.

ત્યારબાદ ઈન્ટ્રોડકશન ઓફ સ્ટોરી ઓફ ફ્રેન્ડશિપ વિડિયો પ્રસ્તુતિ કરવામાં આવી. બી.એ.પી.એસ. ના વરિષ્ઠ સંત પૂ. વિવેકસાગર સ્વામીએ સ્ટોરી ઓફ ફ્રેન્ડશિપબાહરીન કિંગ પર વકતવ્ય આપ્યું.
ત્યારબાદ ઈન્ટ્રોડકશન ટુ સ્ટોરી ઓફ હાર્મની વિડિયો પ્રસ્તુતિ કરવામાં આવી. બી.એ.પી.એસ. ના વરિષ્ઠ સંત પૂ. આત્મસ્વરૂપ સ્વામીએ સ્ટોરી ઓફ હાર્મનીવેલિંગ વોલ પર વકતવ્ય આપ્યું.

ત્યારબાદ ઈન્ટ્રોડકશન ટુ સ્ટોરી ઓફ ટ્રાન્સફોર્મેશનશેખ નહયાન અને મહંત સ્વામી મહારાજ વિડિયો પ્રસ્તુતિ કરવામાં આવી. બી.એ.પી.એસ. ના વરિષ્ઠ સંત પૂ. બ્રહ્મવિહારી સ્વામીએ સ્ટોરી એન્ડ પાવર ઓફ ટ્રાન્સફોર્મેશન પર વકતવ્ય આપ્યું.

**: આજની સભામાં આમંત્રિત મહાનુભાવો :**

- ડો. એસ જયશંકર, માનનીય વિદેશ મંત્રી – ભારત સરકાર.
- ડો. ડી વિરેન્દ્ર હેગડે, ધર્માધિકારી – શ્રીક્ષેત્ર ધર્મસ્થળ, કર્ણાટક.
- શ્રી ઈલિયાસ અકબર અલી, ચેરમેન સીઇઓ – ગૃપ સિપ્રોમેડ, મડાગાસ્કર.
- શ્રી થોમસ પેરેઝ, પૂર્વ સેક્રેટરી ઓફ લેબર યુએસએ.
- શ્રી યોગેશભાઈ મહેતા, ફાઉન્ડર સીઇઓ – પેટ્રોકેમ મિડલ ઈસ્ટ લિમિટેડ, યુએઇ.
- શ્રી બકુલભાઇ મહેતા, મેનેજીંગ ડાયરેક્ટર, મસ્કત ફાર્મસી એન્ડ સ્ટોર એલ.એલ.સી, ઓમાન.
- ડો. અમન પુરી, યુએઇ ખાતે ભારતના કોનસુલ જનરલ.
- મહામહીમ ડો. બસમ અલ ખાતીબ,ભારત ખાતેના સિરીયાના રાજદૂત.
- શ્રી નજમ અલ કૂડસી, પૂર્વ સીઇઓ– અબુ ધાબી ઈન્વેસ્ટમેન્ટ કાઉન્સીલ.
- શ્રી રમેશ રામકૃશનન, – ટ્રાન્સ વર્લ્ડ ગ્રૂપ ઓફ કંપની, યુએઇ.
- શ્રી કે જી બાબુરાજન, ચેરમેન જનરલ મેનેજર – બી કે જી હોલ્ડિંગ એસ.પી.સી, બાહરીન.
- શ્રી મનીષભાઈ પટેલ, મેનજિંગ ડાયરેક્ટર – જીપ ગ્રૂપ, યુએઇ.
- શ્રી આર રમેશ, મેનેજિંગ ડાયરેક્ટર – સેન્ટિ એકસકેવેશન કન્સ્ટ્રકશન ડબલ્યુ એલ.એલ., બાહરીન.
- શ્રી રાજેશ માલપાણી, ચેરમેન, માલપાણી ગ્રૂપ, ભારત.
- શ્રી નંદન ઝા, એક્સિક્યુટિવ વાઇસ પ્રેસિડેંટ પેંગ્વિન રેન્ડમ હાઉસ ઈન્ડિયા પ્રાઈવેટ લિમિટેડ.

અનેક મહાનુભાવોએ પ્રમુખસ્વામી મહારાજના જીવન-કાર્ય-સંદેશને શ્રદ્ધાંજલિ આપતાં વકતવ્યો આપ્યા હતા.

નિર્માણાધીન અબુધાબી બી.એ.પી.એસ. હિન્દુ મંદિરના ટ્રસ્ટી શ્રી અશોક કોટેચાએ જણાવ્યું, આજે પણ યાદ છે કે પ્રમુખસ્વામી મહારાજ એપ્રિલ ૧૯૯૭ માં રણની વચ્ચે ગરમીમાં ઠાકોરજીને લઈને બેઠા હતા અને ભજન ચાલતું હતું. પછી પ્રમુખસ્વામી મહારાજે ધૂન શરૂ કરી અને બોલ્યા કે વિશ્વમાં શાંતિ થાય, વિશ્વનાં દેશો વચ્ચે એકતા થાય અને અંતે બોલ્યા કે અહી અબુધાબીમાં મંદિરનું નિર્માણ થાય. આજે અબુધાબીમાં મંદિર નિર્માણનું કાર્ય ચાલી રહ્યું છે તેની પાછળ પ્રભુને કેન્દ્રમાં રાખીને પ્રમુખસ્વામી મહારાજે કરેલી પ્રાર્થના રહેલી છે.

BAPSના પરમવંદન સ્વામીએ જણાવ્યું, પ્રમુખસ્વામી મહારાજ અને ગુરૂપરંપરાના જીવનમાં પુરૂષાર્થની સાથે ભગવાનની પ્રાર્થનાને પણ પ્રાથમિકતા આપી છે. આજે મહંતસ્વામી મહારાજનાના જીવનમાં પણ પ્રાર્થનાની પ્રાથમિકતા જોવા મળે છે અને તેઓ વિશ્વ શાંતિ અને વિશ્વ કલ્યાણની ભાવના સાથે નિયમિત પ્રાર્થના કરે છે. અબુધાબીનું સ્વામિનારાયણ હિન્દુ મંદિર એ આસ્થાનું સ્થાન છે તેની સાથે સૌહાર્દ અને સંવાદિતાનું કેન્દ્ર પણ છે. ૧૯૯૯માં પ્રમુખસ્વામી મહારાજ ઈજિપ્તની ધર્મયાત્રા માં ગયા હતા અને ત્યાં મ્યુઝિયમ ઓફ હિસ્ટરીમાં ઈજિપ્તના રાજાઓ માટે પ્રમુખસ્વામી મહારાજે તેમના કલ્યાણ માટે સ્વામિનારાયણ ધૂન કરી હતી.

BAPS ના વરિષ્ઠ સંત પૂ. વિવેકસાગરસ્વામીએ જણાવ્યું, પ્રમુખસ્વામી મહારાજને બાહરીનના રાજા એ કહ્યું હતું કે ''તમે બાહરીન ને તમારૂં ઘર બનાવો અને વારંવાર આવતા રહો'' અને ત્યાં પણ સરકારના કાયદા મુજબ હરિમંદિરની મૂર્તિ પ્રતિષ્ઠા થઈ ગઈ અને અત્યારે સંસ્થાને ૪ એકર જમીન મંદિર નિર્માણ માટે મળી છે.

BAPS ના વરિષ્ઠ સંત પૂ. આત્મસ્વરૂપસ્વામીએ જણાવ્યું, ૧૯૯૯માં પ્રમુખસ્વામી મહારાજ ઈઝરાયેલની વેલિંગ વોલ જોવા હતા હતા અને ત્યાં જઈને પ્રમુખસ્વામી મહારાજે ૨ ફૂલ પુષ્પો મૂકીને પ્રાર્થના કરી હતી.પ્રમુખસ્વામી મહારાજને પૂછવામાં આવ્યું કે કેમ ૨ પુષ્પો મૂક્યા ત્યારે પ્રમુખસ્વામી મહારાજે જવાબ આપતા કહ્યું કે , '' ૧ પુષ્પ અત્યાર સુધી તે સ્થળ પર આવેલા લોકો એ કરેલી બધી પ્રાર્થનાની પરિપૂર્તિ થાય અને બીજું પુષ્પ ભવિષ્યમાં આવનાર લોકો જે પ્રાર્થના કરે તેની પણ પરિપૂર્તિ થાય એવી ઉદ્દાત ભાવના પ્રમુખસ્વામી મહારાજની હતી.

અબુ ધાબી ઈન્વેસ્ટમેન્ટ કાઉન્સીલના પૂર્વ CEO, શ્રી નજમ અલ કૂદસીએ જણાવ્યું, આજથી ૧૦ વર્ષ પહેલાં મે પ્રમુખસ્વામી મહારાજના દર્શન અમદાવાદ સ્થિત શાહીબાગ સ્વામિનારાયણ મંદિરમાં કર્યા હતા એ દિવસ મારા માટે ખૂબ જ પુણ્યનો દિવસ હતો.પ્રમુખસ્વામી મહારાજના વ્યક્તિત્વની મારા પર ખૂબ જ ઊંડી અસર પડી હતી. અક્ષરધામ મંદિર હુમલા વખતે પ્રમુખસ્વામી મહારાજે આપેલો શાંતિ નો સંદેશો એ ખૂબ જ પ્રભાવક હતો. પ્રમુખસ્વામી મહારાજનો પ્રભાવ એવો છે કે આજે સાઉદી અરેબિયામાં પણ લોકો હિન્દુ શાસ્ત્રોનો અભ્યાસ કરી રહ્યા છે. પ્રમુખસ્વામી મહારાજ અને એ પી જે અબ્દુલ કલામ સાહેબની મિત્રતા અનોખી હતી.

સિપ્રોમેડ ગૃપ, માડાગાસ્કરના ચેરમેન સીઈઓ શ્રી ઈલિયાસ અકબર અલીએ જણાવ્યું, પ્રમુખસ્વામી મહારાજ શતાબ્દી મહોત્સવમાં હાજર રહેવા મળ્યું અને મહંત સ્વામી મહારાજના દર્શન કરવા મળ્યા એ મારા માટે ખૂબ જ સૌભાગ્યની વાત છે. આ પ્રમુખસ્વામી મહારાજ નગરને જોઈને હું ખૂબ જ અભિભૂત છું, અહીંની સ્વચ્છતા, પ્રબંધન, સમર્પણ વગેરે અદ્ભુત છે. પ્રમુખસ્વામી મહારાજે આપણને શાંતિ, સંવાદિતા, ભલાઈ, પ્રેમ વગેરે ના પાઠ શીખવ્યા છે અને તે બધું આ નગરમાં જોવા મળે છે.

હું બાળકોને કહેવા માગું છું કે ,પ્રમુખસ્વામી મહારાજે બતાવેલા આદર્શો અને મૂલ્યો ક્યારેય ભુલતા નહી અને જો તેનું પાલન કરશો તો જીવનમાં ખૂબ જ આગળ વધશો. વિશ્વભરમાંથી આવેલા ૮૦,૦૦૦ સ્વયં સેવકોનું સમર્પણ જોઈને હું નતમસ્તક છું કારણકે પ્રમુખસ્વામી મહારાજના આશીર્વાદ વગર આ શક્ય નથી. અબુધાબીમાં બની રહેલું સ્વામિનારાયણ હિન્દુ મંદિર એ પ્રમુખસ્વામી મહારાજનો વારસો છે અને આ મંદિર બે અલગ અલગ સંસ્કૃતિને એક મંચ પર લાવશે. પ્રમુખસ્વામી મહારાજે અક્ષરધામ હુમલા પછી શાંતિ સંદેશો આપીને વિશ્વભરમાં માણસાઈનો સંદેશ પહોંચાડ્યો છે.

ભારત ખાતેના સિરીયાના રાજદૂત ડો. ડો. બસમ અલ ખાતીબે જણાવ્યું, આજે પ્રમુખસ્વામી મહારાજ નગરમાં દર્શાવેલા માનવીય મૂલ્યોનું દર્શન કરીને હું ખૂબ જ ગૌરવ અનુભવું છું અને પ્રમુખસ્વામી મહારાજે પ્રેમની ભાષા વિશ્વભરમાં લોકોને શીખવી છે.

યુએઇ ખાતે ભારતના કોનસુલ જનરલ ડો. અમન પૂરીએ જણાવ્યું, પ્રમુખ સ્વામી મહારાજે વિશ્વભરમાં શાંતિ અને સંવાદિતા નો સંદેશો આપ્યો છે અબુધાબીમાં બની રહેલું હિન્દુ સ્વામિનારાયણ મંદિર એ તેનું ઉત્તમ ઉદાહરણ છે.

BAPSના વરિષ્ઠ સંત પૂ. બ્રહ્મવિહારી સ્વામીએ કહ્યું, અબુધાબીમાં પરંપરાગત હિન્દુ મંદિર નું નિર્માણ થઇ રહ્યું છે તે પ્રમુખસ્વામી મહારાજના પ્રાર્થના અને આશીર્વાદ તેમજ પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઇ મોદી ની ઇચ્છાશક્તિ વગર શક્ય નહોતું. ભગવાનની દયા હોય અને પ્રમુખસ્વામી મહારાજના આશીર્વાદ હોય તો આ દુનિયામાં કઈ જ અશકય નથી. અબુધાબીનું સ્વામિનારાયણ હિન્દુ મંદિર એ બે જુદી જુદી સભ્યતા, સંસ્કૃતિ, વિચારો, નાગરિકો વગેરેને વધુ નજીક લાવશે અને તેની પાછળ પ્રમુખસ્વામી મહારાજના આશીર્વાદ અને પ્રાર્થના રહેલી છે. અબુધાબીની વિશાળ મસ્જિદમાં મહંત સ્વામી મહારાજ અને શેખ નહયાનનો ફોટો મૂકવામાં આવ્યો છે. જે વિશ્વભરમાં સંવાદિતાનો સંદેશો આપે છે.પ્રમુખસ્વામી મહારાજ દરેક ધર્મો, દરેક દેશો,દરેક સભ્યતા, દરેક માણસોને જોડતા સેતુ સમાન હતા. સૂર્ય, પૃથ્વી,પાણી,આકાશ,પ્રકાશ આ પાંચ તત્વો સમગ્ર માનવજાત માટે છે તે રીતે પ્રમુખસ્વામી મહારાજ સમગ્ર માનવજાત માટે જીવ્યા હતા. અબુધાબી અને બાહરીનમાં બનનાર સ્વામિનારાયણ હિન્દુ મંદિર છે, દંતકથા સમાન છે.

ભારતના વિદેશમંત્રી ડો. એસ. જયશંકરે જણાવ્યું, આજે પ્રમુખસ્વામી મહારાજ શતાબ્દી મહોત્સવમાં હાજર રહેવા મળ્યું તે મારા માટે ગર્વ અને સૌભાગ્યની વાત છે. પ્રમુખસ્વામી મહારાજને વિશ્વગુરૂ તરીકે ઓળખવામાં આવે છે કારણકે તેઓએ ૫૦ થી વધુ દેશોમાં વિચરણ કર્યું છે. ૧૭,૦૦૦ થી વધુ ગામડાઓમાં વિચરણ કર્યું છે, ૧૨૦૦ થી વધારે મંદિરોનું નિર્માણ કર્યું છે ૭ લાખથી વધારે પત્રો લખીને હરિભક્તોને આશીર્વાદ આપ્યા છે. પ્રમુખસ્વામી મહારાજે નાતજાત અને ઊંચનીચના ભેદભાવ વગર તમામ લોકોને અપનાવ્યા છે.

આજે મહંત સ્વામી મહારાજ ના દર્શન અને આશીર્વાદ મળ્યા એ મારા માટે સૌભાગ્યની વાત છે. અબુધાબી માં બનનાર મંદિર પ્રમુખસ્વામી મહારાજની આધ્યાત્મિકતા અને દિવ્યતાની શક્તિ છે.

ખાડી દેશોના બે મંદિરોનું નિર્માણ થવું એ ચમત્કારથી પણ મોટી વાત છે અને આવનારા વર્ષોમાં થાઈલેન્ડ, પેરિસ, સાઉથ આફ્રિકા, ઓસ્ટ્રેલિયા વગેરે દેશોમાં પણ BAPS મંદિરોનું નિર્માણ થશે એવું હું દ્રઢપણે માનું છું. દિલ્હી અક્ષરધામની ભવ્યતા, દિવ્યતા, શિસ્ત, પ્રબંધન વગેરે જોઈને હું ખૂબ જ અભિભૂત થયો હતો. જે મારો બી.એ.પી.એસ સંસ્થા સાથેનો પ્રથમ પરિચય હતો.

બી.એ.પી.એસ સંસ્થાનું સ્વયંસેવક દળ અને તેમનું સમર્પણ, નિઃસ્વાર્થ સેવા તેમજ પ્રબંધનએ વિશ્વભરમાં લોકો માટે શીખવાનો વિષય છે. યુક્રેન યુદ્ધ વખતે ૧૧ દેશોથી મોકલેલા BAPSના સ્વયંસેવકોના સેવાકાર્યને ભારત સરકાર ક્યારેય નહિ ભૂલે અને તેની પાછળ પ્રમુખસ્વામી ની ભાવના ''બીજા ના સુખમાં આપણું સુખ'' ચરિતાર્થ થતી દેખાય છે.

સંવેદનશીલતા, સેવા, સમુદાય અને માનવતા આ ચાર આદર્શો આ બી.એ.પી.એસ સ્વામિનારાયણ સંસ્થામાં જોવા મળે છે.આધુનિકતા અને સંસ્કૃતિનો સુભગ સમન્વય આ બી.એ.પી.એસ સંસ્થા અને તેના મંદિરોમાં જોવા મળે છે.

વ્યક્તિગત સ્પર્શ એ પ્રમુખસ્વામી મહારાજ અને આ સંસ્થાની આગવી વિશેષતા છે. ''વસુધૈવ કુટુમ્બકમ'' ની ભાવના આ પ્રમુખસ્વામી મહારાજ નગરમાં જોવા મળે છે અને તે આજના વિશ્વમાં ખૂબ જ જરૂરી છે.

શ્રીક્ષેત્ર ધર્મસ્થળ,કર્ણાટકના ધર્માધિકારી પદ્મશ્રી વીરેન્દ્ર હેગડેએ જણાવ્યું, પ્રમુખસ્વામી મહાર્જની સાધુતા અને સાદગી ખૂબ જ અદ્ભુત હતી અને તેમાથી ડોક્ટર અબ્દુલ કલામ સાહેબ પણ પ્રભાવિત થયા હતા. મુખસ્વામી મહારાજ નગરના સ્વયંસેવકોનું સમર્પણ ખૂબ જ અદ્ભુત છે.

પૂર્વ સેક્રેટરી ઓફ લેબરયુએસએના શ્રી થોમસ પેરેઝે જણાવ્યું, પ્રમુખ સ્વામિ મહારાજ શતાબ્દી મહોત્સવ ખૂબ જ અદ્ભુત છે કારણકે કે તેમનું જીવન જ તેમનો સંદેશો હતો અને તેઓ સમગ્ર જીવન ''બીજાના ભલામાં આપનું ભલું'' એ ભાવના સાથે જીવ્યા છે. બીએપીએસ સંસ્થાએ અનેક કુદરતી આપત્તિઓમાં સમાજસેવા નું અનોખુ કાર્ય કર્યું છે. તે ખૂબ જ પ્રશસનીય છે. અહીંના સ્વયંસેવકોએ માત્ર ભારતનું નહિ પરંતુ વિશ્વભરના ભવિષ્ય છે.

પરમ પૂજ્ય મહંતસ્વામી મહારાજે આશીર્વચન આપતાં જણાવ્યું, પ્રમુખસ્વામી મહારાજે અખાતી દેશોમાં કરેલું વિચરણ અને અથાગ પુરૂષાર્થનું પરિણામ અબુધાબીનું મંદિર છે. જે શાંતિનું ધામ બનશે અને બેનમૂન બનશે તેમજ બાહરીનમાં પણ અદ્ભુત મંદિર બનશે જે ભારતીય સંસ્કૃતિનું ગૌરવ વધારશે. ભગવાન સૌનું ભલું કરે તે પ્રાર્થના કરીએ છીએ''

# ડાયટ સંતરામપુરના તાલીમાર્થીએ ઝોન કક્ષાનાં રમતોઉત્સવમાં વિવિધ રમતોમાં ભવ્ય વિજય મેળવ્યો


તસ્વીર : બશીર પઠાણ, સંતરામપુર

સંતરામપુર, ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ,ગાંધીનગર પ્રેરિત જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન દાહોદ દ્વારા ડાયટ, ગ્રાન્ટેડ સંસ્થાઓના ડી.એલ.એડ,અને બી.એડના તાલીમાર્થીઓનો મધ્ય ગુજરાત ઝોન કક્ષાનો રમતોઉત્સવ વર્ષ ૨૦૨૨-૨૦૨૩નો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. જેમાં જિલ્લા શિક્ષણ અને તાલિમ ભવન સંતરામપુરના તાલીમાર્થીઓએ, લાંબી કુદ, ગોળા ફેક, વોલીબોલ, યોગાસન જેવી વિવિધ રમતોમાં ભાગ લીધો હતો. તેઓ રેલ્વે સ્પોર્ટ્સ સંકુલ પરેલ દાહોદ ખાતે યોજાયેલા રમતોત્સવમાં લાંબી કુદ, વોલીબોલ,યોગસન જેવી વિવિધ રમતોમાં ભવ્ય વિજય મેળવ્યો હતો. જેથી તેમને જિલ્લા કન્વીનર એસ.જે. ડામોર, જિલ્લા સહ કન્વીનર ડી.વી. ખડાયતા, પ્રચાર્ય આર. જી.મુનિયા દ્વારા તાલીમાર્થીઓને ટ્રોફી, એવોર્ડ, મેડલ, પ્રમાણપત્ર આપવામાં આવ્યા હતા. ડાયટના તાલીમાર્થીઓનો ભવ્ય વિજય થતા તેઓ ગૌરવની લાગણી અનુભવી હતી. ત્યારે સંતરામપુર ડાયટના પ્રાચાર્ય કે.ટી. પોરણીયા, સિનિયર લેક્ચરર ડો. હર્ષદભાઈ પટેલ સહિત ડાયટ પરિવારે તેમને અભિનંદન પાઠવ્યા હતા. આ સાથે તાલીમાર્થીઓ પોતાના જીવનમાં આમ જ પ્રગતિ કરે તેવી શુભકામનાઓ પાઠવી હતી.

# આપની આજ.......

મેષ : તમારા માટે આજનો દિવસ ખાસ છે અને ઘણો સંઘર્ષ કર્યા પછી તમને સમસ્યામાંથી થોડી રાહત મળશે. લાગે છે કે હવે ધીરે ધીરે તમારું નસીબ તમને ટેકો આપશે. આર્થિક મુશ્કેલીમાંથી તમને રાહત મળશે.

વૃષભ : આજનો દિવસ ઝડપી છે. દરેક કામ સમયસર પૂરું કરશો. તમારી પ્રગતિ જોઈને દરેક જણ આશ્ચર્યચકિત થશે. તમે તમારી સિદ્ધિઓ પણ જોઈ શકો છો. પોતાને સંભાળીને કામ કરો તો સારું રહેશે, તો સફળતા કાયમી રહેશે.

મિથુન : તમારે આ સમયે ઘણું દોડવું પડી શકે છે. તેના પરિણામો પણ ફાયદાકારક રહેશે. કારકિર્દી અને વ્યવસાયની દ્રષ્ટિએ તમને સફળતાનો સ્વાદ મળશે. આ ક્ષણે તમે તમારા કાર્યને ઉત્સાહથી પૂર્ણ કરો.

કર્ક : ગ્રહોની અયોગ્ય સ્થિતિને કારણે આજે તમે કોઈ પણ કારણ વિના ચિંતિત રહી શકો છો અને કોઈ પણ કાર્ય પૂર્ણ નહીં થવાને કારણે પરેશાન રહેશો. આમાંની કેટલીક સમસ્યાઓ વાસ્તવિક છે.

સિંહ : આજનો દિવસ તમારા માટે અનુકૂળ અને લાભદાયક છે. ઉચ્ચ અધિકારીઓની નિકટતાથી તમને લાભ મળી શકે છે અને આજે તમારા હાથમાં થોડી તક મળી શકે છે.

કન્યા : આજે ગ્રહોની સ્થિતિ તમારા માટે અનુકૂળ છે અને આજે તમારા પરિવારમાં કોઈ શુભ કાર્ય ગોઠવવા અંગે ચર્ચા થઈ શકે છે. તમે તમારા જીવનધોરણમાં સુધારો કરવા માટે આજે શોપિંગ મૂડ બનાવી શકો છો.

તુલા : આજનો દિવસ શુભ છે અને તમને આકસ્મિક ગમે ત્યાંથી સારા સમાચાર મળશે. કાર્ય-વ્યવસાયના ક્ષેત્રમાં તણાવ આ સમયે તમારા પર વર્ચસ્વ નાથવા દો. ખૂબ જ ટૂંક સમયમાં સમય બદલાશે અને બધુ જ પહેલા જેવું પરફેક્ટ થઈ જશે.

વૃશ્ચિક : આજે તમારી જ્ઞાનના ક્ષેત્રે પ્રગતિ મળશે. અભ્યાસ અને અધ્યાત્મમાં રસ વધારવો સ્વાભાવિક છે. વિવાદિત કિસ્સા સમાપ્ત થશે. ગુપ્ત શત્રુઓ અને ઈર્ષ્યાવાળા સાથીઓથી સાવચેત રહો. માતા-પિતા અને ગુરુઓની સેવા કરો અને ભગવાન ભજનમાં ધ્યાન કરો.

ધનુ : આ દિવસે તમે બીજાના કામમાં અટવાઈ જશો. આજનો દિવસ બહેન-ભાઈની ચિંતામાં પસાર થશે, કારણકે તમે હંમેશા તમારા પરિવારની સુખાકારી માટે પ્રતિબદ્ધ છો. આજે પણ તે ચિંતા તમને પરેશાન કરી શકે છે.

મકર : આજનો દિવસ ઈચ્છિત પરિણામ આપનાર છે. આજે સામાજિક અને ધાર્મિક કાર્યોમાં તમારી ભાગીદારીને લીધે તમારું માન સન્માન વધશે. દિવસભર સારા સમાચાર પણ પ્રાપ્ત થશે.

કુંભ : આજનો દિવસ તમારા માટે કોઈ પ્રકારનાં દબાણ હેઠળના કામનો સાબિત થઈ શકે છે. વ્યાવસાયિક ચિંતા તમને પરેશાન કરી શકે છે. છેલ્લા ઘણા દિવસોથી ધંધો નિયમિત રહ્યો નથી.

મીન : આજનો દિવસ તમારા માટે સફળતાનો છે. નવા સંપર્કથી તમને ફાયદો થઈ શકે છે. જો તમે કોઈ સંશોધન કાર્યમાં સામેલ છો તો તમને ફાયદો થશે. રોકાયેલા નાણાં મુશ્કેલીથી પ્રાપ્ત થશે.

દાહોદ આવૃત્તિ
દાહોદ, ગરબાડા, ઝાલોદ, ફતેપુરા, લીમખેડા, દે.બારીયા, ધાનપુર

પંચમહાલ સમાચાર

# દાહોદ વહીવટી તંત્રએ પ્રતિબંધીત ચાઈનીઝ દોરીના વેચાણ ઉપર બાજ નજર



દાહોદ,

ઉત્તરાયણ પર્વને આડે હવે ગણતરીના આઠ દિવસ બાકી રહ્યા છે. ત્યારે આ પર્વે પક્ષીઓના મોત માટે જવાબદાર એવા પ્રતિબંધીત ચાઈનીઝ દોરી પ્રતિબંધનો કડકાઈથી અમલ કરાવવા વહીવટી તંત્ર, પોલીસ તંત્ર તેમજ સ્થાનિક તંત્રએ કમર કસી છે અને તે ચાઈનીઝ દોરીના વેચાણ પર બાજ નજર રાખી રહ્યા છે. તેવા સમયે દાહોદ એ–ડિવીઝન પોલીસે ગોધરા રોડ પર કરિયાણાની એક દુકાનમાંથી રૂપિયા ૩૮૦૦૦ની કિંમતના ચાઈનીઝ દોરીના ટેલરો નંગ–૬૯ તથા દાહોદ બી–ડીવીઝન પોલીસે ઉકરડી રોડ, નુર બંગલા સામે આવેલ કરિયાણાની દુકાનમાંથી રૂપિયા ૧૨,૯૦૦ની કિંમતની ચાઈનીઝ દોરીની નાની મોટી ૬૪ રીલ ઝડપી પાડી, તેમજ પિંજારવાડ તેમજ ગોધરારો રોડ પર મળી કુલ ચાર જગ્યાએ છાપો મારી ચાર લોકોની અટક કર્યાનું જાણવા મળ્યું છે.

દાહોદ એ– ડીવીઝન પોલીસે પોતાને મળેલ બાતમીના આધારે દાહોદ ગોધરારોડ, પાયલ કંગન સ્ટોરની ગલીમા આવેલ રામકુમાર ચંદભાઈ બચ્ચાણીની કરિયાણાની દુકાનમાં ઓચિંતો છાપો મારી રૂા. ૩૮૦૦૦ની કુલ કિંમતના ચાઈનીઝ દોરીના ટેલરો નંગ–૬૯ પકડી પાડી કબજે લઈ કરિયાણાની દુકાનના માલીક રામકુમાર ચંદભાઈ બચ્ચાણીની અટકાયત કરી એ ડીવીઝન પોલીસે કાયદેસરની કાર્યવાહી હાથધરી છે.

જયારે ચાઈનીઝ દોરી અંગેની પોતાને મળેલ બાતમીના આધારે દાહોદ બી–ડીવીઝનના પી.આઈ. દેસાઈ તથા તેમના સ્ટાફના પોલીસ કર્મીઓએ દાહોદના ઉકરડી રોડ પર નુર બંગલાની સામે આવેલ ફકરી કરિયાણા સ્ટોર નામની દુકાનમાં ઓચિંતો છાપો મારી ચાઈનીઝ દોરાની રૂા. ૧૨,૯૦૦ની કુલ કિંમતની નાની–મોટી રીલ નંગ–૬૪ પકડી પાડી કબજે લઈ તે દુકાનના માલિક ફકરીભાઈ નઝમુદ્દીનભાઈ મોદી (દાઉદી વ્હોરા)ની અટકાયત કરી જાહેરનામાન ભંગ સબબ ગુનો રજીસ્ટર કરી આગળની કાર્યવાહી હાથધરી છે. આમ, દાહોદ પોલીસે બે જગ્યાએથી કુલ મળી રૂા. ૫૦,૯૦૦ની કિંમતની ચાઈનીઝ દોરીનો મુદ્દામાલ પકડી કબજે લઈ બે વેપારીઓની અટકાયત કરી છે.

તેમજ દાહોદના પીંજારવાડમાં રહેતા જાવેદભાઈ મજીદભાઈ પિંજારાની દુકાનમાંથી ચાઈનીઝ દોરીના રૂા. ૧,૫૦૦ની કુલ કિંમતના ત્રણ ફિરકા તથા ગોધરા રોડ ખાતે રહેતા જયોત્સનાબેન અરૂણભાઈ અશોકરભાઈ સિસોદિયાના મકાનમાં થી રૂા. ૪૦૦૦ની કુલ કિંમતના ચાઈનીઝ દોરીના આઠ ફિરકા મળી કુલ રૂા. ૫,૫૦૦ની કુલ કિંમતના પ્રતિબંધીત એવી ચાઈનીઝ દોરીના ફિરકા નંગ–૧૧ ઝડપી પાડી મહિલા સહિત ચાર જણા વિરૂધ્ધ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# ઝાલોદ તાલુકાની વરોડ પ્રા.શાળામાં દાતાર દ્વારા R.O. ફિલ્ટર વોટર કૂલર દાન આપવામાં આવ્યું



તસ્વીર : પંકજ પંડીત, ઝાલોદ

ઝાલોદ,

ઝાલોદ તાલુકાના વરોડ ગામના રહેવાશી ગણપત વલ્લભ પટેલ કેટલાય વર્ષોથી ભારત બહાર રહે છે, પણ જયારે પણ વતનમાં આવે તો વતનમાં પોતાના ગામ માટે કાંઈક કરવાની ઈચ્છા જરૂર તેમનામાં હોય. એન.આર.આઈ ગણપત પટેલ શરૂઆતમાં વરોડ પ્રા.શાળામાં અભ્યાસ કરેલ હતો. તેથી તેમણે ત્યાં તપાસ કરતા શાળામાં અભ્યાસ કરતા બાળકો માટે શુદ્ધ પાણીનો અભાવ જોવા મળ્યો. તેથી તેમણે પ્રા.શાળામાં ભણતા વિદ્યાર્થીઓ તેમજ શિક્ષકો માટે પીવાનું શુદ્ધ પાણી માટે આર.ઓ. ફિલ્ટર વોટર કુલરનુ દાન ઉમદા હેતુ થી આપ્યું હતું. જેથી બાળકોમાં પાણી જન્ય રોગો ન થાય અને બાળકોનું ભાવિ ઉજળું બને. શાળા પરિવારના સહુ લોકો દ્વારા તેમના આ ઉમદા હેતુને વધાવી લેતા તેમનું સન્માન કરવામાં આવ્યું હતું.

# ઝાલોદ તાલુકાના થાળા ગામે અકસ્માત સર્જાયો




ઝાલોદ,

ઝાલોદ તાલુકાના થાળા સિંચાઈ ઘાટી રોડ પર અકસ્માત સર્જાયો.પેસેન્જર ભરેલો છકડો પલટી ખાતાં અકસ્માત સર્જાયો. છકડોમાં સવાર પેસેન્જરોને શરીરે નાની મોટી ઈજાઓ પહોંચી. ઈજાગ્રસ્તોને તાત્કાલિક લીમડી સરકારી હોસ્પિટલ ખાતે સારવાર અર્થે ખસેડવામાં આવ્યા. છકડા ચાલક છકડો ઘટના સ્થળે મૂકી ફરાર થયો. લીમડી પોલીસ ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરી.

છકડા ચાલકે પોતાના કબ્જા ભોગવટાની બ્લુ કલરના છકડો પુરઝડપે અને ગફલત ભરી રીતે હંકારતા છકડા પરનો કાબુ ગુમાવતા છકડો પલટી ખાતાં પાછળ બેસેલ પેસેંજરોને શરીરે તથા માથાના ભાગે તથા કમ્મરના ભાગે નાની મોટી ઈજાઓ પહોંચી. ઈજાગ્રસ્ત લોકોને ૧૦૮ મારફતે તાત્કાલિક સારવાર અર્થે લીમડી સરકારી હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા.છકડા ચાલકે પોતાનો છકડો સ્થળ પર મૂકી ફરાર થતા લીમડી પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી.

# ધાનપુર-દે.બારીયાના વિવિધ ગામો ખાતે રૂ.૬૪૦.૦૯ લાખની ઉદ્વહન સિંચાઈ યોજનાનો પ્રારંભ કરાવતા રાજ્યમંત્રી



દાહોદ,

પંચાયત અને કૃષિ રાજ્યમંત્રી બચુભાઈ ખાબડે ધાનપુર અને દેવગઢ બારીયાના ૬ ગામો ખાતે નવીન ઉદવહન સિંચાઈ યોજનાનું ખાત મુહૂર્ત કરીને પ્રારંભ કરાવ્યો હતો. જેમાં ધાનપુરના બોધડવા, દેવગઢ બારીયાના વડભેટ, દેગાવાડા, કાળીડુંગરી, અભલોડ, મેધામુવડી ખાતે કુલ ૬૪૦.૦૯ લાખ રૂ. ની ઉદવહન યોજનાઓનો પ્રારંભ રાજયમંત્રીએ કરાવ્યો છે. આ યોજનાઓ ૧૧ માસના સમયગાળામાં જ સંપન્ન કરવામાં આવશે.

રાજયમંત્રી બચુભાઈ ખાબડે જણાવ્યું કે, ખેડૂતો સમૃદ્ધ બને અને તેઓ ઝડપી આર્થિક વિકાસ સાધે એ માટે પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીના વિઝન મુજબ રાજ્ય સરકાર પ્રતિબદ્ધતા સાથે આગળ વધી રહી છે. આપણો જિલ્લો ખેતીપ્રધાન છે. જિલ્લામાં ખેડૂતો બારેમાસ ખેતી કરી શકે તો ઘણી બધી સમસ્યાઓનું સમાધાન થઈ શકે છે. સરકાર આ માટે જરૂરી સિંચાઈની વિવિધ યોજનાઓ ઝડપથી અમલીકરણ કરી રહી છે. ખેડૂતો ઊનાળામાં પણ પાક કરી શકે એ માટે સિંચાઈ યોજનાઓ માટે અમે પ્રયાસ કરી રહ્યાં છે.

તેમણે જણાવ્યું કે, રાજ્ય સરકાર દ્વારા ગ્રામ્ય વિસ્તારમાં વિવિધ યોજનાઓ સફળ રીતે લાગુ કરીને વિજળી, પાણી, શિક્ષણ સહિતની પાયાની બાબતો પર સારા પરિણામ લાવી શકી છે. આવાસ યોજનાઓમાં પણ જે બાકી રહી ગયા છે તેમને આવરી લેવાનો આ વર્ષે પ્રયાસ કરાશે.

તેમણે એમ પણ ઉમેર્યું કે, ગામમાં ઉદવહન યોજના લાગુ થયા બાદ તેનો યોગ્ય રીતે નિભાવ કરવો પણ જરૂરી છે. ત્યારે ગ્રામ્ય સ્તરે મંડળી બનાવીને આ કામ યોગ્ય રીતે કરવું રહ્યું. કોન્ટ્રાકર પણ ત્રણ વર્ષ સુધી સમારકામની જવાબદારી રહેશે પરંતુ ત્યાર બાદ તેની જવાબદારી આપ સૌએ સુપેરે નિભાવવાની રહેશે એમ તેમણે જણાવ્યું હતું.

આ યોજનાઓની વિગતે વાત કરીએ તો કાળી ડુંગરી–૨ પટેલ ફળીયા ખાતે રૂ. ૧૧૮.૭૪ લાખના ખર્ચે યોજના સાકાર કરાશે. કુલ ૫૪ લાભાર્થીઓને ૧૬૮ એકર વિસ્તારમાં સિંચાઈ યોજનાનો લાભ મળશે. કાળી ડુંગર ખેડા ફળીયા ખાતે રૂ. ૧૧૫.૫૧ લાખના ખર્ચે યોજના સાકાર કરાશે. કુલ ૫૪ લાભાર્થીઓને ૧૬૮ એકર વિસ્તારમાં સિંચાઈ યોજનાનો લાભ મળશે. કાળી ડુંગરી હોળી ફળીયા ખાતે રૂ. ૮૮.૫૪ લાખના ખર્ચે યોજના સાકાર કરાશે. કુલ ૭૮ લાભાર્થીઓને ૧૫૩ એકર વિસ્તારમાં સિંચાઈ યોજનાનો લાભ મળશે. દેવગઢ બારીયાના મેધામુવડી ખાતે ખાતે રૂ. ૫૧.૧૩ લાખના ખર્ચે યોજના સાકાર કરાશે. કુલ ૧૯ લાભાર્થીઓને ૯૬ એકર વિસ્તારમાં સિંચાઈ યોજનાનો લાભ મળશે.

અભલોડ ખાતે રૂ. ૮૮.૭૯ લાખના ખર્ચે યોજના સાકાર કરાશે. કુલ ૬૦ લાભાર્થીઓને ૧૬૬ એકર વિસ્તારમાં સિંચાઈ યોજનાનો લાભ મળશે. દેગાવાડા ખાતે રૂ. ૬૮.૯૬ લાખના ખર્ચે યોજના સાકાર કરાશે. કુલ ૩૪ લાભાર્થીઓને ૧૫૫ એકર વિસ્તારમાં સિંચાઈ યોજનાનો લાભ મળશે. વડભેટ ખાતે રૂ. ૧૦૭.૪૧ લાખના ખર્ચે યોજના સાકાર કરાશે. કુલ ૪૮ લાભાર્થીઓને ૨૨૫ એકર વિસ્તારમાં સિંચાઈ યોજનાનો લાભ મળશે.

આ વેળાએ પદાધિકારીઓ, ગામના સરપંચઓ, અગ્રણીઓ, કાર્યપાલક ઈજનેર, દાહોદ સહિતના અધિકારીઓ ઉપસ્થિત રહ્યાં હતા.

# ઝાલોદના ધારાસભ્ય દ્વારા રૂ.૩ કરોડ ૩૯ રૂપિયાના વિવિધ વિકાસ કામોનું ખાતમુહૂર્ત



તસ્વીર : પંકજ પંડીત, ઝાલોદ

ઝાલોદ,

ઝાલોદ ૧૩૦ વિધાનસભાના ધારાસભ્ય મહેશ ભૂરિયા દ્વારા વિવિધ વિસ્તારોમાં ન થયેલા કામોનું લિસ્ટ તૈયાર કરી જેમ બને તેમ તાલુકાના દરેક ક્ષેત્રને સુવિધા ઉપલબ્ધ કરાવવા કટિબદ્ધ જોવા મળી રહેલ છે. મહેશ ભૂરિયાના ધારાસભ્ય બન્યા બાદ તાલુકામાં વિવિધ કામગીરી વાયુવેગે થતી જોવા મળી રહેલ છે.

ધારાસભ્ય મહેશ ભૂરિયા દ્વારા છાસીંચા, દાતગઢ, બીલવાણી, સુથારવાસા ગામોમાં જઈ વિવિધ કામો માટે અંદાજીત ૩ કરોડ ૩૯ લાખ રૂપિયાના કામોના ખાત મુહૂર્ત કર્યા હતા. હાલ તાલુકામાં થતા કાર્ય થી સહુ કાર્યકર્તા અને વિવિધ ગામોના સરપંચો, ગ્રામજનોમાં ખુશી જોવા મળી રહેલ છે. આ કાર્યક્રમમાં સરપંચો, ગ્રામજનો મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા.

# સિંગવડના છાપરી ગામે પાણીમાં ડુબાડીયાના વહેમ અને ચુંટણીની અદાવતે તોડફોડના ગુન્હામાં લીમખેડા કોર્ટે છ આરોપીને ૫ વર્ષની સજા ફટકારી

દાહોદ,

સિંગવડ તાલુકાના છાપરી ગામે પાંચેક વર્ષ અગાઉ નદીના પાણીમાં ડુબાડિયાનું વહેમ તેમજ ચૂંટણીની અદાવત રાખી મકાનમાં તોડફોડ તેમજ લુંટ કરતા આરોપીઓને લીમખેડા ચોથા એડિશનલ સેશન જજ એમ. એ મિર્ઝા ની કોર્ટમાં કેસ ચાલી જતા આરોપીઓને પાંચ વર્ષની સાદી કેદ તથા પ્રત્યેક આરોપીઓને ૨૦૦૦ નો દંડ અદાલતે ફટકાર્યો હતો.

સિંગવડ તાલુકાના છાપરી ગામના (૧) નરવતભાઈ છગનભાઈ બારીયા (૨) નિમનભાઈ મગનભાઈ બારીયા (૩) ભોપત ભાઈ સોરમ ભાઈ બારીયા (૪) મહેશભાઈ ભીમસિંહભાઈ પટેલ (૫) કાળુભાઈ સોરમ ભાઈ બારીયા (૬) અરવિંદભાઈ લખુભાઈ પટેલ તેમના સગા મનોજભાઈ પર્વતભાઈ ને ફરિયાદી સવિતાબેન પ્રવીણભાઈ ડામોર ના જેઠ તેરસિંગભાઈ ડામોર ઉપર નદીના પાણીમાં ડુબાડી દીધેલાનો વેમ રાખી તેમજ ચૂંટણીની અદાવત રાખી આરોપીઓ એક સંપ કરી સવિતાબેન પ્રવીણભાઈ ડામોરના ઘરે તોડફોડ લૂંટ કરી જાતિ અપમાનિત શબ્દો ઉચ્ચારી અપમાનિત કરી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી સવિતાબેન પ્રવીણભાઈ ડામોર તારીખ.૧૨–૯–૨૦૧૭૫ રોજ રણધીકપુર પોલીસ સ્ટેશન ફરિયાદ કરવામાં આવી હતી.

આ કેસ ચોથા એડિશનલ સેશન જજ એમ એ મિર્ઝા ની કોર્ટમાં ચાલી જતા સરકારી વકીલ શૈલેષભાઈ તડવીની દલીલો દયાને રાખી આરોપીઓને આઈપીસી કલમ ૪૩૬, ૧૪૯ દાખલ કરી પાંચ વર્ષની સાદી કેદની સજા તથા પ્રત્યેક આરોપીને ૨૦૦૦નો દંડ અદાલતે ફટકાર્યો હતો.

# કલેક્ટર ડો. હર્ષિત ગોસાવીની ઉપસ્થિતિમાં પ્રાકૃતિક ખેતી અન્વયે સમીક્ષા બેઠક અને ખેડુત વૈજ્ઞાનિક ગોષ્ઠી યોજાઈ




તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

દાહોદ,

વડાપ્રધાનના આહ્વાન મુજબ ગામ દીઠ ૭૫ ખેડુતો પ્રાકૃતિક ખેતી કરતા થાય તેના આયોજન અને કામગીરીની સમીક્ષા માટે કલેકટર ડો. હર્ષિત ગોસાવી અને જિલ્લા વિકાસ અધિકારી નેહા કુમારીના અધ્યક્ષ સ્થાને પરબ પ્રાકૃતિક કૃષિ ફાર્મ (ચાંદાવાડા), ચીલાકોટા રોડ, જેસાવાડા ખાતે બેઠક તેમજ વૈજ્ઞાનિક ગોષ્ઠી યોજવામાં આવી હતી. આ ગોષ્ઠીમાં ખેડૂતો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યાં હતા.

ખેડૂત વૈજ્ઞાનિક ગોષ્ઠીમાં કલેકટર ડો. હર્ષિત ગોસાવીએ પ્રાકૃતિક કૃષિએ ખેડૂતો માટે પ્રગતિની નવી ક્ષિતિજો ઉઘાડી શકે છે. તેમ જણાવતા ખેડૂતોને પ્રાકૃતિક કૃષિ અપનાવવા અપીલ કરી હતી અને અન્ય ખેડૂતોને પ્રાકૃતિક કૃષિ અપનાવવા પ્રેરણા આપવા જણાવ્યું હતું.

જિલ્લા વિકાસ અધિકારી નેહા કુમારીએ પણ ખેડૂતોને પ્રાકૃતિક કૃષિ અપનાવવા પ્રોત્સાહિત કર્યા હતા. અહીં યોજાયેલી સમીક્ષા બેઠકમાં ખેતીવાડી, બાગાયત, પશુપાલન, કેવીકે અને આત્મા યોજનાના અધિકારીઓને કરેલ કામગીરીનુ રીવ્યુ તેમજ આગામી સમયમાં ગામ દીઠ ૭૫ ખેડુતો પ્રાકૃતિક ખેતી કરતા થાય તેના માટે કરવાની થતી કામગીરી અંગે વિસ્તૃત ચર્ચા કરી હતી.

તેમજ મોટી સખ્યામાં હાજર રહેલ તમામ તાલુકામાંથી સંયોજક, સહ સંયોજક અને પ્રાકૃતિક ખેતી કરતા ખેડુતોને ફાર્મની મુલાકાત કરી આવનાર સમયમાં તમામ ખેડુતો પ્રાકૃતિક ખેતીના તમામ આયામોના ઉપયોગ થકી રાસાયણીક ખેતી છોડી પ્રાકૃતિક ખેતી અપનાવવા આહ્વાન કરવામાં આવ્યું હતું. તેમજ પ્રાકૃતિક ખેતીના ફાર્મની મુલાકાત કરી દરેક તાલુકામાંથી વધુમાં વધુ ખેડુતો મુલાકાત કરે અને પ્રાકૃતિક ખેતી કરતા થાય એ માટેની સૂચના અપાઈ હતી.

# સંજેલીના નારડીયાની મુવાડીની પરણિતાને બિમાર છોકરૂ પેદા કર્યું તેમ કહી પતિ અને સાસરીયાએ ત્રાસ આપતાં ફરિયાદ

દાહોદ,

બાળકના મરણ પછી બિમાર છોકરૂ પેદા કરેલ હોવાના આક્ષેપ સાથે સાસુ–સસરા તથા પતિ દ્વારા ગુજારાતા શારીરીક અને માનસીક ત્રાસથી વાજ આવેલ સંજેલી તાલુકાના નારકીયાની મુવાડી ગામની પરણીત મહિલાએ પોતાના પતિ–સાસુ–સસરા વિરૂધ્ધ પોલીસમાં ફરિયાદ નોંધાવ્યાનું જાણવા મળ્યું છે. માંડલી ગામના ગોરધનભાઈ ગલાભાઈ બામણીયાની પુત્રી જયબેનના પતિ સંજેલીના નારીયાની મુવાડી ગામના રણધીરભાઈ વીરસીંગભાઈ ચંદાણા, સસરા વીરસીંગભાઈ વેલજીભાઈ ચંદાણા તથા સાસુ શંકુતલાબેન વીરસીંગભાઈ ચંદાઆ એમ ત્રણેએ જયબેનને તુ અમારા ઘરમાંથી જતી રહે, તે બીમાર છોકરૂ પેદા કરેલ છે. તેમ કહી અવાર નવાર મહેણા ટોણા મારી મારઝુડ કરી ઝઘડો કરી ઘરમાં રહેવા ન દઈ શારીરીક અને માનસીક ત્રાસ આપી લગ્ન થયેથી બાળકના મરણ પછી પતિ–સાસુ–સસરા એ જયબેન સાથે અવાર નવાર ઝઘડો કરી ઘરમાંથી પહેરેલ કપડે કાઢી મૂકી હતી. જેથી તા. ૧–૧–૨૦૨૩ના રોજ સમાધાન કરવા બાબતે પંચ ભેગી થયેલ અને પંચમાં સમાધાન બાબતે વાતચીત ચાલુ હતી તે દરમ્યાન જયબેનના પતિ રણધીરભાઈ અચાનક ઉશ્કેરાયો હતો અને મારે ને રાખવી નથી અને કાલે પણ રાખવી નથી. તેમ કહી ગંદીગાળો બોલી જયબેનનું કાઠલું પકડી લાફા મારી ધક્કો મારી પાડી દીધી હતી અને તું જતી રહે તને છુટ્ટા છેડા પણ આપવાના નથી તારાથી થાય તે કરી લે, હવે પછી અમારા ઘરે પગ મુક્યો છે તો તને જાનથી મારી નાંખશી તેવી ધાકધમકીઓ આપી હતી એ બિભત્સ ગાળો બોલી શારીરીક અને માનસીક ત્રાસ આપ્યો હતો. આવા ત્રાસથી વાજ આવેલ જયબેન પોતાના પતિ–સસરા તથા સાસુ વિરૂધ્ધ સંજેલી પોલીસ સ્ટેશને ફરિયાદ નોંધાવતા પોલીસે આ સંદર્ભે ઈપિકો કલમ ૪૯૮(ક), ૩૨૩, ૫૦૪, ૫૦૬(૨), ૧૧૪ મુજબ ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

# ધાનપુરના રાછવા ગામની પરણિતાને વસ્તાર ન છતાં મેણાટોંણાથી ટંકાળી ગળે ફાંસો ખાઈ આપઘાત કર્યો

દાહોદ,

વસ્તારમાં છોરકીઓ હોઈ અને છોકરો થતો ન હોઈ તે બાબતે પતિ તથા સાસરીયા દ્વારા અવાર નવાર મહેણાટોણા મારી શારીરીક અને માનસીક ત્રાસ આપી આત્મહત્યા કરી લેવા મજબુર કરતા ધાનપુરના રાછવા ગામની પરણીત મહિલાએ રાછવા ગામે મોતી નદીના કોતરમાં ઝાડ પર ગળે ફાંસો ખાઈ આત્મહત્યા કરી લીધાનું જાણવા મળ્યું છે.

ધાનપુરના તરમકાચ ગામના વેડ ફળિયામાં રહેતા ૪૨ વર્ષીય રમીલાબેન પર્વતભાઈ ઢેડાભાઈ બારીયાની રાછવા ગામે પરણાવેલી દીકરી વર્ષાબેનને વસ્તારમાં બે છોકરીઓ હોઈ અને છોકરો થતો ન હોઈ તે બાબતે વર્ષાબેનના પતિ જગદીશભાઈ છબાભાઈ ચૌહાણ, સસરા છબાભાઈ ગોપસીંગભાઈ ચૌહાણ, સાસુ સતીબેન છબાભાઈ ચૌહાણ જેઠ ઈશ્વરભાઈ છબાભાઈ ચૌહાણ તથા જેઠાણી મમતાબેન ઈશ્વરભાઈ ચૌહાણ વગેરે ભેગા મળી અવાર નવાર શારીરીક અને માનસીક ત્રાસ આપી નાની મોટી વાતે મહેણા ટોણા મારી વર્ષાબેનને આત્મહત્યા કરવા મજબુર કરતા વર્ષાબેને રોજબરોજના આવા ત્રાસથી કંટાળીને ગામની નદીના કોતરમાં ઝાડ પર ગળે ફાંસો ખાઈ લટકી જઈ આત્મહત્યા કરી લીધી હતી. આ સંબંધે મરણ જનાર વર્ષાબેનની માતા રમીલાબેન પર્વતભાઈ બારીયાએ નોંધાવેલ ફરિયાદને આધારે ધાનપુર પોલીસે મરણ જનાર વર્ષાબેનના પતિ જગદીશભાઈ છબાભાઈ ચૌહાણ, સસરા છબાભાઈ ગોપસીંગભાઈ ચૌહાણ, સાસુ સતીબેન છબાભાઈ ચૌહાણ, જેઠ ઈશ્વરભાઈ છબાભાઈ ચૌહાણ તથા જેઠાણી મમતાબેન ઈશ્વરભાઈ ચૌહાણ વિરૂધ્ધ ઈપિકો કલમ ૩૦૬, ૩૨૩, ૪૯૮(ક), ૧૧૪ મુજબ ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.



તસ્વીર : વીરભદ્ર સિસોદીયા, મલેકપુર

મલેકપુર મા છેલા ૩ દિવસ થી ઠંડીનો ચમકારો જોવા મળી રહ્યો છે ત્યારે રાત્રીના સમયે ઠંડી વધારે પડતાજ ઠંડીમાંથી રાહત મેળવવા માટે ગરમ વસ્ત્રો પહેરીને રાતના સમયે તાપણા નો સહારો લેતા તસવીર મા નજરે પડે છે.



ઝાલોદ નગરપાલિકામાં ચાલતી ગુજરાત અર્બન લાઈવલીહુડ મિશન યોજના અંતર્ગત તયા બેંક લીન્કેજ ઘટક હેઠળ તા.૦૫/૦૧/૨૦૨૩ના રોજ પંચમહાલ ડી.કો.ઓ.બેંક ખાતે મનેજર અરૂણભાઈ હઠીલા તથા ઝાલોદ નગરપલિકાના કોમ્યુનિટી ઓર્ગેનાઈઝર કુષ્ણપાલસિંહ પુવાર દ્વારા ચાર સખીમંડળને લોન પેઠે રૂ.૫,૦૦,૦૦૦/-(અંકે પાંચ લાખ પુરા)નો મંજુરી પત્ર તથા ચેક આપવામાં આવ્યો.

# દાહોદના રાણાપુર ગામે છોકરી ભગાડી જવાના મામલે ઝગડામાં એકને ઈજા કરી ઘરમાં તોડફોડ કરાઈ

દાહોદ,

છોકરી ભગાડી જવાના મામલે દાહોદ તાલુકાના રાણાપુર ગામે થયેલ ઝઘડામાં લાકડીઓ તથા લોખંડની પાઈપો ઉછળતા એકને ગંભીર ઈજાઓ થતાં તેમજ ઘરમાં તોડફોડ કરી નુકશાન પહોંચાડ્યાનું જાણવા મળેલ છે.

રાણાપુર ગામના મહેંદી ફળીયાના હઠીલા કુટુંબના સોવનભાઈ સવસીંગભાઈ હઠીલા, મુકેશભાઈ સવસીંગભાઈ હઠીલા તથા ધર્મેશભાઈ સોવનભાઈ હઠીલા એમ ત્રણે જણા લાકડીઓ અને લોખંડની પાઈપ લઈ તેમના ફળિયાના વજેસીંગભાઈ છત્રસિંહભાઈ તથા અન્યના ઘરે આવી ઘરમાં ઘઉસી તોડફોડ કરી બેફામ ગાળો બોલી તમારો છોકરો ઉમેશ મારી છોકરી છાયાને ભગાડી લઈ ગયો છે, તમો મારી છોકરી છાયાને પરત સોંપી દો, તેમ કહી વજેસીંગભાઈ છત્રસીંહભાઈને ખેંચીને બહાર લઈ જઈ હાથે, પગે, તથા કમ્મરના ભાગે લાકડીઓ મારી ઈજાઓ કરી, ડાબા હાથે, પગે તથા કમ્મરના ભાગે લાકડીઓ મારી ઈજાઓ કરી, ડાબા હાથે લોખંડની પાઈપ મારી ઈજાઓ કરી તથા શરીરે નાની મોટી ઈજાઓ કરી હતી.

આ સંબંધે ગંભીર ઈજાગ્રસ્ત વજેસીંહભાઈની પત્ની મુન્નીબેન હઠીલાએ નોંધાવેલ ફરિયાદને આધારે દાહોદ તાલુકા પોલીસે ઈપિકો કલમ ૩૨૩, ૩૨૫, ૫૦૪, ૧૧૪ મુજબ ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

Published by Karan Ajaykumar Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Bandibarno Khancho, Talav Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www. panchmahalsamachar.com Editor : Karan Ajaykumar Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 26, No.117

# કૃષિપ્રધાન ગણાતા પંચમહાલ જીલ્લામાં ૩૦ હજાર ખેડુતો કૃષિ વિમા લાભથી વંચિત રહેશે

ગોધરા,

કૃષિપ્રધાન ભારત દેશ હંમેશા અન્ય આર્થિક પ્રવૃતિઓ ઉપર નિર્ભર છે. ત્યારે પ્રધાનમંત્રી કૃષિ વીમા યોજના હેઠળ પંચમહાલ જીલ્લામાં ૩૦ હજારથી વધુ લાભાર્થીઓ હકકદાર હોવા છ્તાં આજદિન સુધી Banking Linked ન થવાના કારણે લાભ પ્રાપ્ત થતો નથી. જો તેઓ દસ્તાવેજ જમા નહી કરાવતા આગામી હપ્તો લાભદાયી બનતો નથી. હવે જોવું રહ્યું કે, કેટલા લાભ પાત્ર થાય છે. જે તે સમયે ઘણાં દસ્તાવેજ રજુ કરવા છતાં આજદિન સુધી કોઈ લાભ થયો નથી. હવે ગ્રામ પંચાયતમાં VCE સમક્ષ પૂરતા દસ્તાવેજ જમા કરવાથી આગામી ૧૩મો હપ્તો લાભ પાત્ર બનશે. અન્યથા ગુમાવવાનો વારો આવશે તેમાં બે મત નથી.

કાશ્મીર થી કન્યાકુમારી સુધી ભારત દેશ કૃષિ પ્રધાન છે. કઠોળ થી લઈને ઘણાં ખાદ્ય પદાર્થનું પેદાશ કરનાર ભારત દેશ દુનિયામાં નિકાસકર્તા છે. ભૂતકાળમાં અનાજ પેદા કરનાર દેશમાં નિકાસકર્તા તરીકે જાણીતા ભારતમાં કોઈ હિસાબ જણાતો ન હતો. ખેડુતો બેંકીગ દ્વારા વ્યાજ ભરવા છતાં કોઈએનો ઉપાય રહેતો ન હતો. અનેક રજુઆત બાદ કેન્દ્ર સરકારના કૃષિ મંત્રાલય દ્વારા છેલ્લા ૧૦ વર્ષથી વીમા કવચ યોજના હેઠળ ખેડુતોને આવરી લેવામાં આવ્યા છે. વિપક્ષો તથા હરીયાણા કૃષિકારો દ્વારા અવારનવાર માંગણી કરવામાં આવી રહી હતી. તેઓ દ્વારા આગામી સમયમાં દર ત્રણ માસે રૂા.૨૦૦૦/–ના લાભપાત્ર બને છે.

કૃષિ વીમા યોજના હેઠળ પંચમહાલ જીલ્લામાં કુલ ૨,૪૨,૭૩૨ ખેડુતો લાભપાત્ર છે. તેઓને સમયસર દર ત્રણ માસે રકમ બેંકમાં જમા થાય છે. જેના ભાગરૂપ આગામી માર્ચ માસમાં જમા થનાર રકમ અનુસાર કાગના ડોળે રાહ જોવે છે. ત્યારે પંચમહાલ જીલ્લામાં નોંધાયેલા ખેડુતોને બાદ કરતાં અંદાજીત ૩૦ હજાર જેટલા ખેડુતોએ બેંકમાં આધારકાર્ડ અને મોબાઈલ નંબર સાથે જોડાણ કર્યું નથી. આધારકાર્ડ અને મોબાઈલ નંબર સાથે જોડાણ નહીં થઈને કારણે અસંખ્ય ખેડુતો દ્વારા વીમાનો લાભ મેળવ્યો નથી. પંચમહાલ જીલ્લા પંચાયત દ્વારા અવારનવાર ખેડુતો દ્વારા માંગણી તથા નોંધણી કરવા છતાં આજદિન સુધી લાભ અપાયો નથી. ગ્રામ્યસ્તરે VCE ગ્રામ પંચાયતમાં ઈ–ગ્રામ યોજના હેઠળ દરેક દસ્તાવેજ રજુ કરવા છતાં આજદિન સુધી ૩૦ હજાર જેટલા ખેડુતોએ પોતાના હયાતીના દસ્તાવેજ જમા કર્યા નથી. હવે માત્ર બે માસ જેટલો સમય બાકી રહેવા તથા અવારનવાર માંગણી કરવા છતાં પૂરતા દસ્તાવેજ રજુ કરવામાં નિષ્ફળ ખેડુતો દ્વારા માંગણી કરવા છતાં તેઓ હવે આ લાભ કેટલો લે છે તે જોવું રહ્યું. ખેતીવાડી શાખા દ્વારા ગ્રામ સેવક અને તલાટી કમ મંત્ર દ્વારા ઘરે ઘરે પહોંચીને આ દસ્તાવેજ ફરજીયાત જમા કરવામાં લાભ પાત્ર થશે તેમ છે.

પંચમહાલ જીલ્લામાં આવેલા ૩૦ હજાર જેટલા ખેડુતોએ પોતાના દસ્તાવેજ જમા કરાવ્યા નથી. અવારનવાર માંગણી કરવા છતાં આજદિન સુધી લાભ એનાયત કરાયો નથી. કે.વાય.સી. મુજબ આધાર કાર્ડ અને બેંક એકાઉન્ટ સાથે જોડાણ કરવામાં આવે તો તેઓ લાભલક્ષી બને તેમ છે. છેલ્લા લાંબા સમયથી ૩૦ હજાર ખેડુતો દ્વારા બેંકો સાથે જોડાણ કરવામાં આવ્યું નથી. આથી ખેતીવાડીની શાખા દ્વારા VCE ને જાગૃતિ પ્રખર પ્રચાર કરવા છતાં આજદિન સુધી જમા કરવામાં નહીં આવતા તંત્રના માથે બે આંખ થાય તેમ છે. હવે જોવું રહ્યું છે કે ખેડુતો કેટલા આધારકાર્ડ જમા કરાવે છે.

### બેંક સાથે જોડાણ નથી.....

પંચમહાલ જીલ્લામાં ૭ તાલુકા મુખ્યત્વે કૃષિપ્રધાન છે. કુલ વસ્તીના ૮૦ % પ્રજા મહિલાઓ સહિત ખેતીકામ કરે છે. અત્યારે નોંધાયેલા કુલ ૨,૪૨,૭૩૨ પૈકી 30 હજાર ખેડુતોના દસ્તાવેજ રજુ નહીં થતા આગામી માર્ચ માસમાં જમા થનાર ૧૩મો હપ્તો જમા થશે નહીં. એક અંદાજ મુજબ જમીન વિહોણા કાંતો મૃત્યુ પામનાર કાંતો બેંકમાં પોતાના દસ્તાવેજ જમા નહી કરાવ્યા છે. આવા કારણોસર આશરે 30 હજાર ખેડુતો લાભ ગુમાવે તેમ જણાય છે. તંત્ર દ્વારા અવારનવાર જાગૃતિ કાર્યક્રમ યોજવા છતાં આજદિન સુધી લાભ પાત્ર થયા નથી. તેઓ આગામી સમયમાં 30 હજાર ખેડુતો વીમાથી વંચિત રહે તો નવાઈ નહીં.

- આડેધડ નોંધણીના કારણે અને બેંકોની મનમાનીના કારણે રૂા.૨ હજારથી લાભ વિહોણા.
- અવારનવાર દસ્તાવેજ જમા કરાયેલ છતાં આજદિન સુધી Linked કર્યુ નથી.
- ગ્રામ સેવકો અને તલાટી કમ મંત્રી આ ૩૦ હજાર લાભાર્થીઓ શોધી શકયા નથી.
- ઘરે-ઘરે ફરી બાકી રહેલા અરજદારોને શોધી કાઢવામાં તંત્ર નિષ્ફળ.

## પંચમહાલના ગોધરા સહિતના તાલુકા અને ગામોમાં પ્રતિબંધીત ચાઈનીઝ દોરીનું ચોરી છુપીથી થતાં વેચાણ અટકાવવા વહીવટી તંત્ર અને પોલીસ સજજ બને તે જરૂરી

### ચાઈનીઝ દોરીના વેચાણમાં વધુ નફો મળતો હોવાથી ધંધાદારીઓ ચોરી છુપીથી વેચાણ કરતાં અટકાવવા જરૂરી

ગોધરા,

ઉત્તરાયણના પર્વને માત્ર સપ્તાહનો સમય બાકી રહ્યો છે. તે પહેલા રાજ્યમાં પ્રતિબંધીત ચાઈનીઝ દોરીથી મોત અને ઘાયલ થવાના અનેક કિસ્સાઓ સામે આવી ચુકયા છે. ચાઈનીઝ દોરી માણસ અને પશુપક્ષીઓ માટે પ્રાણઘાતક સાબિત થઈ રહી છે. ત્યારે ચાઈનીઝ દોરીનું વેચાણ થતું અટકાવવવા માટે રાજ્યભરમાં રેઈડ કરીને ચાઈનીઝ દોરીનો જથ્થો ઝડપી પાડવામાં આવી રહ્યો છે. ત્યારે પંચમહાલ જીલ્લામાં પતંગ દોરીનો વ્યવસાય કરતાં ધંધાદારીઓને ચાઈનીઝ દોરી માંથી વધારે નફો મળતો હોવાથી છુપી રીતે વેચાણ કરતાં હોય છે. અત્યાર સુધી પંચમહાલ જીલ્લાના શહેરા અને ગોધરા ખાતેથી નામ પુરતો ચાઈનીઝ દોરીનો જથ્થો ઝડપાયો છે. તેની સાથે પંચમહાલ જીલ્લા વહીવટી તંત્ર અને પોલીસ તંત્ર જાણે જીલ્લામાં પતંગ દોરીના ધંધાદારીઓ જાણે ચાઈનીઝ દોરીનું વેચાણ કરતા ન હોય તે રીતે ચાઈનીઝ દોરીનો જથ્થો ઝડપી પાડવા માટેકામગીરબી હાથ ધરાઈ નથી.



પંચમહાલ જીલ્લાના ગોધરા, હાલોલ, કાલોલ, મોરવા(હ) અને શહેરા તાલુકામાં ઉત્તરાયણના પર્વમાં પતંગ દોરીનો ધંધો કરતા વેપારીઓને પ્રતિબંધીત ચાઈનીઝ દોરી માંથી નફો વધારે મળતો હોવાથી ચોરી છુપીથી દુકાનના સ્થળે નહિં પણ ગોડાઉનોમાં ચાઈનીઝ દોરી રાખીને વેચાણ કરતા હોય છે. પંચમહાલ જીલ્લામાં વહીવટી તંત્ર દ્વારા ચાઈનીઝ દોરીના પ્રતિબંધનું જાહેરનામું પ્રસિદ્ધ થયા બાદ વહીવટી તંત્રી અને પોલીસ સક્રિય થતી હોય છે અને ઉત્તરાયણ પર્વના છેલ્લા બે દિવસોમાં વિવિધ દુકાનો અને ગોડાઉનો ઉપર રેઈડ કરીને પ્રતિબંધીત ચાઈનીઝ દોરી ઝડપી પાડવા કાર્યવાહી કરતા હોય છે. તે પહેલા પ્રતિબંધીત પ્રાણઘાતક દોરીનો ઉપયોગ કરવા ઈચ્છુક પતંગ રસીયા આવી દોરીની ખરીદી અગાઉથી કરી લેતા હોય અને તેમાં પણ વેપારીઓ હોંશીયાર થઈ ગયા છે. તે ગ્રાહકને ઓળખીને ચાઈનીઝ દોરીનું વેચાણ કરતા હોય છે. હવે જ્યારે ઉત્તરાયણના પર્વને સપ્તાહ જેટલો સમય બાકી છે. ત્યારે આવી જીવલેણ દોરીના થતાં વેચાણ પહેલા અટકાવવા પ્રયત્ન કરે તે જરૂરી છે.

## મોરવા(હ)ના સંતરોડ ગામેથી ગૌવંશની ચોરીમાં વપરાયેલ ફોરવ્હીલ સાથે એક ઈસમને બી ડીવીઝન પોલીસે ઝડપ્યો

મોરવા(હ),

મોરવા(હ) તાલુકાના સંતરોડ વિસ્તારમાં ગૌવંશની ચોરીમાં વપરાયેલ ફોર વ્હીલ સી.સી.ટીવી ફુટેજના આધારે ઓળખ થયેલ હતી અને ફોર વ્હીલ અંગે બી ડીવીઝન પોલીસને બાતમી મળી હતી કે, સલામત સોસાયટી બે ઈસમો ગાડી સાથે ઉભા છે. જેના આધારે પોલીસે રેઈડ કરી ઈસમોને ફોર વ્હીલ ગાડી સાથે ઝડપી પાડવામાં આવ્યા.

પ્રાપ્ત વિગતો મુજબ ગોધરા બી ડીવીઝન પોલીસને બાતમીદાર દ્વારા બાતમી મળી હતી કે, મોરવા(હ) પોલીસ મથકે સંતરોડ ગામથી ગૌવંશની ચોરીની ફરીયાદ થયેલ અને સીસી ટીવી ફુટેજમાં ચોરીમાં ફોર વ્હીલને એમ.એચ.૦૧.એઈ.૭૫૩૨ વાળી ગાડી ગોધરા–વડોદરા હાઈવે સલામત સોસાયટી પાસે ઈસમ ઉભા છે તેવી બાતમીના આધારે પોલીસે રેઈડ કરી હતી અને ગૌવંશની ચોરીમાં વપરાયેલ ફોર વ્હીલ સાથે ફિરદોસખાન અઝીજખાન પઠાણ (હયાતવાડી)ને ઝડપી પાડવામાં આવ્યો હતો. પુછપરછ દરમિયાન ૧ જાન્યુઆરીના રોજ સંતરોડ ગામે ગયા હતા અને બે ગાયો ચોરીને હયાતની વાડી પાસે ઉતારી હતી અને સાથે વાહીદ યુસુફ મીઠા તથા બીજા બે ઈસમો હોવાની કબુલાત કરી હતી. આમ, મોરવા(હ) પોલીસ મથકે ગૌવંશની ચોરીમાં વપરાયેલ ફોર વ્હીલ સાથે એક ઈસમને ઝડપીને ગુનાને બી ડીવીઝન પોલીસે ડિટેકટ કર્યો.

## પંચમહાલના ગોધરા ખાતેથી ગેરી કંપનીના સિકકા બનાવી ઉપયોગ કરવાના ગુન્હામાં પકડાયેલ ૬ મુખ્ય આરોપીના નિયમીત જામીન અરજી નામંજુર કરતી કોર્ટ

ગોધરા,

ગોધરાના સાથરીયા બજાર રવિન્દ્ર ટ્રાન્સપોર્ટની ગલીમાં વ્હોરવાડના ઈસમની દુકાન માંથી સરકારની ગેરી કચેરીના સિકકાઓના દુરઉપયોગ કરતા હોય તેની તપાસ કરતી એલ.સી.બી.પોલીસ દ્વારા ચાર ઈસમોને ઝડપી પાડવામાં આવ્યા હતા. આ બનાવના મુખ્ય ભેજાબાજ મહિર સુરેશભાઈ શાહને એલ.સી.બી. પોલીસે ઝડપી પાડયો હતો. તેવા આરોપીએ નિયમીત જામીન અરજી દાખલ કરતાં કોર્ટ દ્વારા જામીન અરજી નામંજુર કરવામાં આવી.

ગુજરાત રાજયમાં ચકચાર જગાવનાર સરકારીની ગેરી વિભાગના ડુપ્લીકેટ સર્ટીફિકેટ બનાવવાના કિસ્સાની તપાસ કરતી પંચમહાલ એલ.સી.બી. પોલીસ દ્વારા અગાઉ ચાર ઈસમોને ઝડપી પાડવામાં આવ્યા હતા. જ્યારે સમગ્ર ગુન્હાના માસ્ટર માઈન્ડ એવા મિહિર સુરેશભાઈ શાહને પોલીસે ઝડપી પાડવામાં આવ્યો હતો. તેવા આરોપી મિહિર શાહએ પંચમહાલ જીલ્લા એડીશનલ સેશન્સ જજ ઈ.એમ.શેખની કોર્ટમાં નિયમિત અરજી દાખલ કરતાં પોલીસ દ્વારા કોર્ટમાં રજુ કરવામાં આવ્યો હતો. જેમાં જીલ્લા સરકારી વકીલ રાકેશ ઠાકોર દ્વારા વિગતવાર દલીલો કરી પોલીસ તપાસના કાગળો રજુ કરતાં કોર્ટ દ્વારા આરોપી મિહિર શાહની નિયમિત જામીન અરજી નામંજુર કરવામાં આવી.

## હાલોલ શિવાશીષ પાર્કની મહિલા સાથે છેતરપિંડી કરનાર પાલિકા પુર્વ પ્રમુખના આગોતરા જામની ફગાવી દેતા પોલીસે તપાસ હાથ ધરી

હાલોલ,

હાલોલની જુની કોર્ટ સામે આવેલી શિવાશિષ પાર્ક સોસાયટીમાં મહિલાને દુકાન વેચી રૂ.૧૩ લાખ પડાવી લઈ છેતરપિંડી કરનાર હાલોલ નગરપાલિકાના પુર્વ પ્રમુખ સુભાષ પરમાર સામે છેતરપિંડીની ફરિયાદ નોંધાઈ હતી. સેશન કોર્ટે આગોતરા જામની ફગાવી દેતા પોલીસે ભાગેડું સુભાષ પરમારની શોધખોળ આદરી છે.

હાલોલ જુની કોર્ટ સામે રવિ કન્સ્ટ્રકશન ડેવલોપર્સની શિવાશિષ પાર્ક સોસાયટી આવેલી છે. હાલોલ નગરપાલિકાના પુર્વ પ્રમુખ સુભાષ પરમાર અને કમલેશ પટેલે સોસાયટીમાં આવેલી નં–૩ની ભાડાની દુકાનમાં બ્યુટીપાર્લર ચલાવતી રાણીબેન ગુરદીપસિંગ જટને સુભાષ પરમાર અને કમલેશ પટેલે પોતાની માલિક દુકાન નહિ હોવા છતાં રાણીબેનને ૧૩ લાખમાં સોદો કરી દસ્તાવેજ કરી આપીશુ તેવો વિશ્વાસ અપાવી તેમની પાસેથી રૂ.૧૧.૭૦ લાખ લઈ દસ્તાવેજ નહિ કરી આપી છેતરપિડી કરતા સુભાષ રમનલાલ પરમાર(રહે.ધનશ્યામ નગર, હાલોલ)અને કમલેશ પટેલ વિરુદ્ધ હાલોલ શહેર પોલીસ મથકમાં છેતરપિંડીની ફરિયાદ નોંધાઈ હતી. સુભાષ પરમાર દ્વારા પોલીસ ફરિયાદ સામે હાલોલ કોર્ટમાં આગોતરા જામીન અરજી કરાઈ હતી. જામીન અરજીની સુનાવણી થતાં પોલીસે કરેલા સોગંદનામાં આરોપી સુભાષ પરમાર અને કમલેશ પટેલ વિરુદ્ધ નડિયાદ ટાઉન પોલીસ મથકમાં પણ છેતરપિંડીની ફરિયાદ નોંધાઈ હતી. અને રીઢા ગુનેગાર હોવાનુ જણાવતા કોર્ટે સરકારી વકીલની દલીલોને ધ્યાને રાખી સુભાષ પરમારના આગોતરા જામીન ના મંજુર કરી ફગાવી દીધા છે.

## હાલોલ સર્વોદય હોસ્પિટીલીટી ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા તેજસ્વી તારલા અને કોરોના વોરિયર્સનું સન્માન



હાલોલ,

પંચમહાલ જીલ્લાના હાલોલના પાવાગઢ રોડ પર આવેલ હેદરી ચોક ખાતે સર્વોદય હોસ્પિટીલીટી ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા તેમજ મહિલા વિકાસ મંડળ દ્વારા ધોરણ ૧૦ અને ૧૨ના તેજસ્વી તારલાઓને સન્માનિત કરવાનો કાર્યક્રમ રાખવામા આવ્યો હતો. જેમા સૌ વિદ્યાર્થીઓને પ્રમાણપત્ર અને મેડલ આપીને સન્માનિત કરવામા આવ્યા હતા. સાથે સાથે કોરોનાના કપરાકાળમા સેવા આપનારા કોરોના વોરિયર્સને પણ સન્માનિત કરવામા આવ્યા હતા. સાથે દેશની ચોથી જાગીર ગણાતા મિડિયામા ફરજ બજાવનારા પત્રકારોને પણ સન્માનિત કરવામા આવ્યા હતા. આ પ્રસંગે વડોદરા થી પધારેલા મુખ્ય મહેમાન અને વડોદરા લોકસભાના પૂર્વ સાસંદ સત્યજીતસિંહ ગાયકવાડની ઉપસ્થીતિમાં આ કાર્યક્રમ યોજાયો હતો અને સર્વોદય હોસ્પિટીલીટી ચેરીટેબલ ટ્રસ્ટના પ્રમુખ અને વિરોધ પક્ષના નેતા સલીમભાઈ સરજોન, અજીજુલભાઈ દાઢી, ફારૂકભાઈ બાગવાલા, સમીરભાઈ બજારવાલા, કસ્બા પંચના પૂર્વ પ્રમુખ મોયુનુદ્દિંનભાઈ વાઘેલા, અજીતભાઈ બરબટ, સમીરભાઈ સોડાવાલા, ઈરફાનભાઈ શેખ, સજ્જાદ દાઢી તેમજ ટ્રસ્ટના કાર્યકરો ઉપસ્થીત રહ્યા હતા. જ્યારે મોટી સંખ્યામાં નગરજનોએ પણ હાજરી આપી હતી અને ટ્રસ્ટ દ્વારા તમામ લોકોનો આભાર વ્યક્ત કર્યો હતો.

## જાંબુઘોડા ખાતે સશક્ત અને સુપોષીત કિશોરી અભિયાન મેળાની ઊજવણી કરાઈ



ગોધરા,

તારીખ ૦૬/૦૧/૨૦૨૩ પંચમહાલ જિલ્લાના જાંબુઘોડા તાલુકામાં કિશોરી કુશળ બનો સશક્ત અને સુપોષીત કિશોરી અભિયાન મેળાની ઊજવણી કરવામાં આવી હતી. જેમાં વિવિધ વિભાગો દ્વારા સ્ટોલનું આયોજન કરી કિશોરીઓને માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. આરોગ્યની ટીમ દ્વારા કિશોરીઓના હિમોગ્લોબિનની તપાસ તેમજ આરોગ્ય અને પોષણ અંતર્ગત માહિતી આપવામાં આવી હતી. SHE ટીમ દ્વારા કિશોરીઓને સ્વરક્ષણના સ્ટેપ બતાવી માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. ITIની ટીમ દ્વારા ITI વિભાગમાં ચાલતા તમામ કોર્સ બાબતે જરૂરી માર્ગદર્શન આપી, ITI માં એડમીશન બાબતે માહિતી અપાઈ હતી. સર્વ શિક્ષા અભિયાન દ્વારા શિક્ષણનું મહત્વ સમજાવેલ, એડવોકેટ કાનૂની સેવા સત્તા મંડળના અધિકારી દ્વારા કાનૂની સેવા અંગે જરૂરી માહિતી અપાઈ હતી. આ સાથે કાર્યક્રમમાં ઉપસ્થિત પ્રોગ્રામ ઑફિસર દ્વારા કિશોરીઓને પૂર્ણાયોજના અંતર્ગત આંગણવાડીમાં આપવામાં આવતી તમામ સેવાઓ અંગે વિસ્તૃત માહિતી આપીને શાળા પુનઃપ્રવેશ તથા આઇટીઆઇ કરેલ કિશોરીઓને પ્રમાણપત્ર દ્વારા પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. આ પ્રસંગે તાલુકા પંચાયતના પ્રમુખ અને ઉપપ્રમુખ, સભ્યઓ, કારોબારી સદસ્ય, APMC ચેરમેન સહિત વિવિધ વિભાગના વડાઓ અને મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.

## મુખ્યમંત્રીના ૧૦૦ દિવસ સંકલ્પ અન્વયે પંચમહાલ જિલ્લાના સાત તાલુકામાં દિવ્યાંગ પ્રમાણપત્ર વિતરણ કેમ્પ યોજાશે

ગોધરા,

મુખ્યમંત્રીના ૧૦૦ દિવસ સંકલ્પ અન્વયે પંચમહાલ જિલ્લાના દિવ્યાંગજનોને દિવ્યાંગતાના પ્રમાણપત્ર મળી રહે તે માટે જનરલ હોસ્પિટલ, સરકારી મેડીકલ કોલેજ, જીએમઈઆરએસ મેડીકલ કોલેજ, સંલગ્ન હોસ્પિટલ દ્વારા યુનીવર્સલ આઈડી પર્સન વીથ ડીસેબીલીટીઝ (UDID) પોર્ટલ પર રાજયના મંહત્તમ દિવ્યાંગજનોને દિવ્યાંગતાના પ્રમાણપત્ર મળી રહે તે માટે દર શુક્રવારે જે તે તાલુકાના સામુહિક આરોગ્ય કેન્દ્ર (CHC) ઉપર દિવ્યાંગ સર્ટીફીકેટ કેમ્પનું આયોજન કરવામાં આવેલ છે.

જેમાં તમામ ૨૧ પ્રકારની દિવ્યાંગતા ધરાવતા ઉમેદવારોને દિવ્યાંગ પ્રમાણપત્ર મેળવવા માટે ફાળવેલ તારીખ ૧૩/૦૧/૨૦૨૩ શુક્રવારના રોજ સા.આ. કેન્દ્ર, હાલોલ, તારીખ ૨૦/૦૧/૨૦૨૩ શુક્રવારના રોજ જનરલ હોસ્પીટલ ગોધરા, તારીખ ૨૭/૦૧/૨૦૨૩ શુક્રવાર સા.આ.કેન્દ્ર, કાલોલ, તારીખ ૦૩/૦૨/૨૦૨૩ શુક્રવાર, સા.આ.કેન્દ્ર, ઘોઘંબા, તારીખ ૧૦/૦૨/૨૦૨૩ શુક્રવાર, સા.આ.કેન્દ્ર, શહેરા, તારીખ ૧૭/૦૨/૨૦૨૩ શુક્રવાર સા.આ.કેન્દ્ર, જાંબુઘોડા, તારીખ ૨૪/૦૨/૨૦૨૩ શુક્રવાર, સા.આ.કેન્દ્ર, મોરવા(હ) ખાતે કેમ્પ યોજાશે.

આ દરેક તાલુકામાં સવારે ૧૦:૦૦ થી ૨:૦૦ કલાક દરમ્યાન આધારકાર્ડની ઝેરોક્ષ–૦૧, રાશનકાર્ડની ઝેરોક્ષ–૦૧, પાસપર્ટ સાઈઝના ૩ ફોટા અને ઓરીજનલ રેશનકાર્ડ લઈને દિવ્યાંગજનો હાજર રહીને પ્રમાણપત્રો મેળવી શકશે તેમ જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીએ એક અખબાર યાદીમાં જણાવ્યું છે.

## પંચમહાલ જિલ્લાના તરવડા અને બામણકુવા ખાતે પ્રાકૃતિક ખેતી અંગે એક દિવસીય તાલીમ શિબિર યોજાઈ



ગોધરા,

ગુજરાત રાજયના બાગાયત વિભાગ દ્વારા તા. ૦૬/૦૧/૨૦૨૩ને શુક્રવારના રોજ એક દિવસીય પ્રાકૃતિક ખેતી અંગે કાર્યક્રમનુ આયોજન કરાયું હતું. જે અંતર્ગત પંચમહાલ જિલ્લાના કાલોલ તાલુકાના તરવડા ખાતે તેમજ હાલોલ તાલુકાના બામણકુવા ખાતે બાગાયતી પાકોમાં પ્રાકૃતિક કૃષિ પરીસંવાદ અંતર્ગત એક દિવસીય ખેડુત તાલીમ શિબિર યોજાઈ હતી. આ કાર્યકમમાં જિલ્લાના બાગાયત વિભાગ, જિલ્લા ખેતીવાડી વિભાગ,આત્મા કચેરી તેમજ બાગાયત સંશોધન કેંદ્ર વેજલપુર તેમજ મકાઈ સંશોધન કેન્દ્ર ગોધરા ખાતેથી વૈજ્ઞાનિક સહિત વિવિધ અધિકારીઓ, કર્મચારીઓએ બાગાયતી ખેતીમાં પ્રાકૃતિક ખેતી તેમજ બાગાયત વિભાગ હસ્તક ચાલતી વિવિધ સહાયલક્ષી યોજનાકીય માહિતી તેમજ સ્થાનિક પાકો વિશે માર્ગદર્શન આપ્યું હતું. આ પ્રસંગે બહોળી સંખ્યામાં ખેડૂતો ઉપસ્થિત રહ્યા હતા તેમ નાયબ બાગાયત નિયામક ગોધરાએ એક અખબારી યાદીમાં જણાવ્યું છે.

## રાજગઢ પોલીસ દ્વારા લોક દરબારમાં વ્યાજખોરોના ત્રાસ અંગે રજુઆત થઈ

ઘોઘંબા,

ઘોઘંબાના રાજગઢ પોલીસ સ્ટેશન ખાતે પંચમહાલ પોલીસ અધિક્ષક હિમાંશુ સોલંકીના અધ્યક્ષસ્થાને રાજગઢ પી.એસ.આઈ. એમ.એલ. ગોહિલ દ્વારા સ્થાનિક પ્રજાના સમસ્યાઓના ઉકેલ માટે લોક દરબારનુ આયોજન કરવામાં આવ્યુ હતુ. જેમાં આત્મહત્યાના વધતા જતા બનાવોને કારણે જેનુ મહત્તમ યોગદાન રહ્યુ છે તેવુ વ્યાજ વટાવના ધંધા કરનાર લોકો ઉપર કાર્યવાહી કરવા પોલીસ તંત્ર સજ્જ બન્યુ છે. ઘોઘંબામાં ફાયનાન્સ કંપનીના કર્મચારીઓ દ્વારા વારંવાર કરવામાં આવતી પઠાણી ઉઘરાણી અને ખોફ જમાવી કેટલીક જગ્યાઓએ ઉભા રહીને લોકોની ગાડીઓ જપ્ત કરીને દાદાગીરીથી પૈસા વસુલ કરતા હોય છે. તેમજ ધાક ધમકીઓ આપતા હોય છે. તેમના ઉપર એકશન લેવા માટે જણાવ્યુ હતુ. જિલ્લા પોલીસ વડાએ જણાવ્યુ હતુ કે, તમારી પાસે જો કોઈપણ જાતની સુચનાઓ હોય ૧૦ થી ૨૦ ટકા લોકો વ્યાજ વસુલતા હોય તેઓના નામ, નંબર, અને સરનામાં સાથે મોકલી તેમની વિરુદ્ધ કાર્યવાહી કરવામાં આવશે. અને પોલીસ તંત્ર તરફથી કોઈપણ જાતની મદદની જરૂર હોય તો પોલીસ તંત્ર હંમેશા સહકાર આપશે.ઘોઘંબા ગામમાંથી રાત્રે અલગ અલગ રસ્તાઓ ઉપરથી બેરોક્ટોક બેખોફ પુરઝડપે બે નંબરીયાઓ ગાડી હંકારીને લોકોની જાન જોખમમાં મુકી દેતા હોય છે. ત્યારે ઘોઘંકામાં જરૂર જણાય ત્યાં બેરેકો મુકી પોલીસ બંદોબસ્ત ગોઠવાશે.

## જવાહર નવોદય વિદ્યાલયમાં ધો.૬માં પ્રવેશ મેળવવા માટે તા.૩૧ જાન્યુ. સુધીમાં ઓનલાઈન ફોર્મ ભરી શકાશે

ગોધરા,

પંચમહાલ જિલ્લાના વેજલપુર ખાતે ભારત સરકારના શિક્ષણ મંત્રાલય દ્વારા સંચાલિત જવાહર નવોદય વિદ્યાલયમાં શૈક્ષણિક સત્ર ૨૦૨૩–૨૪માં ધો.૬માં પ્રવેશ મેળવવા માટે હાલ પંચમહાલ જિલ્લામાં રહેતા હોય અને પંચમહાલ જિલ્લાની સરકાર માન્ય (સરકારી/ખાનગી) શાળાઓમાં ધો.૫માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ પાસે ઓનલાઈન અરજીઓ મંગાવવામાં આવી છે. વિદ્યાર્થીએ ધોરણ ૩, ૪ અને ૫માં સળંગ અભ્યાસ કરેલો હોવો જોઈએ. જવાહર નવોદય વિદ્યાલયના આચાર્યએ જણાવ્યું કે, ઓનલાઈન અરજી તા.૩૧/૦૧/૨૦૨૩ સુધી નવોદય વિદ્યાલય સમિતીની વેબસાઈટ www. navodaya. gov.in પરથી કરી શકાશે. પરીક્ષા તા.૨૯/૦૪/૨૦૨૩ના રોજ લેવામાં આવશે. વિદ્યાર્થીની જન્મ તારીખ ૦૧/૦૫/૨૦૧૧ થી તા.૩૦/૦૪/૨૦૧૩ હોવી જોઈએ. જવાહર નવોદય વિદ્યાલય સંપૂર્ણ આવાસીય વિદ્યાલય છે. જેમાં છોકરા–છોકરીઓ માટે રહેવાની અલગ–અલગ ઉત્તમ સુવિધાઓ, નિઃશૂલ્ક ભોજન તથા સાંસ્કૃતિક આદાન–પ્રદાન અને રાષ્ટ્રિય એક્તા માટે સ્થળાંતર નીતિ, રમત ગમત તથા SPC, NCC, SCOUT GUIDE, ART MUSIC જેવી શૈક્ષણિક પ્રવૃતિઓ દ્વારા વિદ્યાર્થીઓ માટે સાર્વત્રિક વિકાસની ઉત્તમ તકો રહેલી છે. ફોર્મ ભરવા માટે ઉત્સુક દરેક વિદ્યાર્થીઓ અને વાલીઓને વહેલી તકે ફોર્મ ભરવા એક અખબારી યાદીમાં જણાવ્યું છે.